# પ્રકરણ-૬

# ધીરૂબહેન પટેલની કૃતિઓમાં ભાવનાત્મક સંઘર્ષની સાહિત્યિક લાક્ષણિકતાઓ

# પ્રકરણ-૬

# ધીરૂબહેન પટેલની કૃતિઓમાં ભાવનાત્મક સંઘર્ષની સાહિત્યિક લાક્ષણિકતાઓ

## પ્રસ્તાવના

કોઈપણ સાહિત્યકાર પોતાની કૃતિને શ્રેષ્ઠ બનાવવા તેમજ કથાવસ્તુને આકર્ષક બનાવવા રચનાત્મક રીતિ કે પ્રયુક્તિઓનો સહારો લે છે. આ પ્રયુક્તિ દ્વારા વ્યક્તિની જીવનશૈલી, વિચારપદ્ધતિ અને સમગ્ર જીવનસંઘર્ષને આલેખવામાં ઉપયોગી નીવડે છે. સાહિત્ય સર્જનનો વિષય સ્થૂળ કે બાહ્ય માનવજીવન સમાજની સમસ્યાઓ નહીં, પરંતુ માનવચિત્તની વેદનાઓ, સમસ્યાઓ સાહિત્યનો વિષય બન્યો છે. સ્ત્રી અસ્તિત્વના પ્રશ્નો– સમસ્યા વચ્ચે ગૂંચવાયેલી વ્યક્તિને કશોય ઉકેલ ન મળવાથી તેના ચિત્તમાં ઉદ્દભવતી એકલતા, હતાશા, વેદના, અસહાયતા, લાચારી જેવા ભાવસંવેદનોનો અનુભવ કરે છે. તેને મૂર્ત કરવા માટે સર્જકને કેટલીક રચના પ્રયુક્તિઓની આવશ્યકતા જણાય છે.

આ પ્રયુક્તિઓમાં ચેતનાપ્રવાહ, પીઠઝબકાર, કલ્પન, પ્રતીક, ડાયરી, પત્ર, વક્રતા, કથનકેન્દ્ર વગેરે જેવી અવનવી રચના પ્રયુક્તિઓનો સર્જક ઉપયોગ કરે છે. આ બધી રચનારીતિ દ્વારા સર્જક પોતાના ચિત્તમાં પડેલા સૂક્ષ્મ અનુભવોને વ્યક્ત કરે છે.

આપણને જે કંઈ ભાવ કે લાગણી થાય છે, તેને વ્યવહારની ભાષામાં, વ્યવહાર સાચવવા, 'સ્વ'ને અભિવ્યક્ત કરવા અથવા પોતાને શું શું થાય છે અને શું નથી થતું તે બીજી વ્યક્તિને કહેવા માગે છે. આ પ્રસંગને વર્ણવવા વાર્તાકાર સાહિત્યિક પ્રયુક્તિનો

ઉપયોગ કરે છે. જેના દ્વારા વાચક સારી રીતે સમજી શકે છે. પ્રયુક્તિના ઉપયોગથી પાત્રના મનમાં ચાલતા માનસિક વ્યાપારો જાણી શકાય છે. વાર્તામાં રહેલાં પાત્રનાં સંઘર્ષને અસરકારક બનાવવામાં પ્રયુક્તિ ખૂબ ઉપયોગી સાબિત થાય છે. આ પ્રયુક્તિઓ સાહિત્યમાં કેવી રીતે અને કેવો ભાગ ભજવે છે તે વિશે ટૂંકમાં સમજી લઈએ.

**(૧) કથનકેન્દ્ર :**

સાહિત્યમાં કથનકેન્દ્રનું ખૂબ જ મહત્વ છે. કથનકેન્દ્ર એટલે ઘટનાઓની રજૂઆતમાં સર્જકની પ્રત્યક્ષ કે પરોક્ષ રજૂઆત. સર્જક પોતાની વાર્તાને અન્ય પાત્ર દ્વારા નિરૂપણ કરે છે કાં તો પોતે વાર્તા કહેતો હોય એ રીતે નિરૂપણ કરે છે. સર્જક કેટલીક વખત કથાવિશ્વની અંદર રહીને, કેટલીક વાર બહાર રહીને, કેટલીક વખત કથાના કેન્દ્રમાં રહીને વાર્તા નિરૂપણ કરે છે. આ કથનકેન્દ્રના મુખ્યત્વે બે પ્રકાર જોઈ શકાય છે. (અ) ત્રીજો પુરુષ કથનકેન્દ્ર (બ) પ્રથમ પુરુષ કથનકેન્દ્ર.

(અ) ત્રીજો પુરુષ કથનકેન્દ્ર (કથનાત્મક) :

કથનકેન્દ્રમાં સર્જકને વધારેમાં વધારે સ્વતંત્રતા હોય છે. આ પ્રયુક્તિમાં સર્જક પ્રસંગ અને પાત્રો વિશે જેટલું જરૂરી લાગે એ બધું જ વાચકને જણાવી શકે છે. અનેક પાત્રોનું વર્ણન કરી શકે છે. તે દરેક પાત્રો વિશે તેમજ તેમની લાગણીઓ, સંવેદનો, વિચારો, મનોવ્યથાને વ્યક્ત કરે છે. કોઈ એક પાત્રની મનોસ્થિતિને પણ વર્ણવતો જોવા મળે છે. જુદાં જુદાં પાત્રોનાં જુદાં જુદાં દૃષ્ટિકોણને પોતે ધારણ કરીને વાર્તા રચી શકે છે.

(બ) પ્રથમ પુરુષ કથનકેન્દ્ર (આત્મકથનાત્મક) :

આત્મકથનાત્મક પ્રયુક્તિમાં સર્જક ઘટના જગતની વચ્ચે હોય છે. એ 'હું' રૂપે પોતાની અને અન્યની વાત કરતો હોય છે. એ 'હું' એ સર્જક પોતે નથી, વાર્તાનું જ ગૌણ

કે મુખ્ય પાત્ર હોય છે. જે આત્મચરિત્રાત્મક પદ્ધતિએ થતું કથન છે. વાર્તામાં પાત્રો પોતાની મૂંઝવણો, વેદનાઓ, સમસ્યાઓ વગેરેનો મનોગત અનુભવ વાચકને જણાવે છે.

આ રીતે સર્જક વાર્તામાં પ્રથમ અને ત્રીજા પુરુષની કથનપદ્ધતિના આધારે વાર્તા નિરૂપણ કરી શકે છે.

(૨) ચેતનાપ્રવાહ :

માનવી જુદા જુદા પ્રકારના અનુભવોમાંથી પસાર થાય છે. આ અનુભવો દ્વારા તેની માનસિક મથામણ ચાલતી હોય છે. તેનો વિવિધ પ્રકારનાં વ્યવહાર, વર્તન અને વાણી ઉપર પડતો હોય છે. ચેતનાપ્રવાહ એક એવી રચનારીતિ છે જેમાં વિચારો અને લાગણીઓનું આલેખન કરવામાં આવ્યું હોય છે અને એ કોઈપણ તાર્કિકતા વિના પાત્રના મનમાં વહેતા હોય છે. આ લાગણીઓ અમુક ચોક્કસ સમયે પાત્રોમાં રહેલી હોય છે. ચેતનાપ્રવાહ એટલે એક વિચારની પાછળ બીજો વિચાર આવે અને વિચારોની શૃંખલા રચાય. પાત્રો પોતાની સમસ્યાઓ, સંઘર્ષો, વેદના વગેરે વિશે મનમાં વિચારે છે. ચેતનાપ્રવાહમાં પાત્રો પોતાના મનમાં અનુભવતા વિચારોને રજૂ કરે છે.

(3) પીઠઝબકાર :

પીઠઝબકાર એટલે ભૂતકાળમાં બની ગયેલા દૃશ્યનો એક અંશ. આ અંશ વર્તમાન ઘટનાના વર્ણનમાં વચમાં થોડીક ક્ષણો માટે રજૂ કરવામાં આવે છે. પીઠઝબકાર એટલે ભૂતકાળમાં જે કંઈ ઘટના હોય તેનો કોઈ એક અંશ. આ અંશને સર્જક તેમની કૃતિમાં જે ઘટના વર્તમાનમાં ચાલતી હોય, તેના વર્ણનની વચ્ચે અમુક ક્ષણ માટે રજૂ કરે છે અને એના દ્વારા વાચકને કથામાં ચાલી રહેલી ઘટના વિશે માહિતી મળે છે. તેના દ્વારા તે કથામાં ચાલતી આખી ઘટનાની જાણ થાય છે.

(૪) ફ્લેશ ફોરવર્ડ :

ફ્લેશ ફોરવર્ડમાં સર્જક ભવિષ્યનું કથન પોતાની કૃતિમાં ચાલી રહેલી ઘટનાના વર્ણનમાં કરી શકે છે. સર્જક જ્યારે કૃતિમાં પ્રસંગોનું આલેખન કરતો હોય અને તેના વર્ણનમાં ભવિષ્યમાં બનનારી ઘટનાઓના અંશો લઈ આવે છે. સર્જક જ્યારે કૃતિમાં પ્રસંગોનું આલેખન કરતો હોય અને જે ઘટના ચાલતી હોય તેના વર્ણનમાં ભવિષ્યમાં જે ઘટના બનવાની છે તેનું વર્ણન કરે છે, જે ફ્લેશ ફોરવર્ડ તરીકે ઓળખાય છે.

(૫) સહોપસ્થિતિ :

સહોપસ્થિતિ એટલે કોઈ સમાન કે વિરોધી એવાં પાત્રો કે વિચારો કે પરિસ્થિતિને સામ-સામે મૂકીને તેમાંથી નવી જ ભાવસ્થિતિ જન્મે. દા.ત. એક ગરીબ વર્ગની સાથે શ્રીમંત વર્ગ. કોઈપણ સમાન કે ભિન્ન પ્રકારનાં વિચારો, પાત્રો, પ્રસંગો, દૃશ્યો, પરિસ્થિતિઓ વગેરેને એકબીજાની સાથે મૂકી તે દ્વારા વિશિષ્ટ ભાવસ્થિતિ ઊભી કરવામાં આવે તેને સહોપસ્થિતિ કહેવામાં આવે છે. સર્જક પોતાની કૃતિમાં ‘સહોપસ્થિતિ’નો એક રચનારીતિ તરીકે વિનિયોગ કરે છે.

(૬) સ્વપ્ન :

સ્વપ્ન એટલે માણસની જાગૃત અવસ્થા કે સુપ્ત અવસ્થા દરમ્યાનની પ્રકિયા. સ્વપ્ન એ મનનો વ્યાપાર છે. સ્વપ્નમાં એક કલ્પનનું બીજા કલ્પન સાથે મુક્ત સાહચર્ય રહેલું છે. સ્વપ્નમાં પણ મનુષ્ય સમાજ સાથે જ હોય છે. સ્વપ્નમાં વાસ્તવમાં જે અસ્તિત્વમાં નથી તે બધું જ શક્ય બને છે.

સ્વપ્નના બે પ્રકારો છે : (અ) રાત્રિસ્વપ્ન અને (બ) દિવાસ્વપ્ન. રાત્રિસ્વપ્નમાં દમન થયેલા વિચારો હોય છે, જ્યારે રાત્રિસ્વપ્ન કરતાં દિવાસ્વપ્નમાં મનુષ્ય અર્ધજાગૃત હોય છે. દિવાસ્વપ્નમાં મનુષ્ય ભવિષ્ય વિશે કલ્પના કરે છે. પાત્રની

માનસિક સ્થિતિને ઉજાગર કરવા સ્વપ્નની પ્રયુક્તિ સર્જકને માટે એક મહત્વની બની રહે છે.

(૮) વક્રતા :

વક્રતા એટલે શબ્દોનો કે પરિસ્થિતિનો દેખીતો અર્થ તેના સામાન્ય અર્થ કરતાં વિરુદ્ધનો હોય છે. વક્રતામાં કહેવાનું કંઈક હોય છે અને સિદ્ધ કરવાનું પણ કંઈક અલગ હોય છે. કૃતિમાંથી જે શબ્દાર્થ પ્રગટ થાય છે તે નહીં પણ જે અર્થ વ્યંજિત થાય છે તે વક્રતા છે. માણસના જીવનમાં તેનું નસીબ તેને સહાય કરવાને બદલે આપત્તિમાં મૂકી દે એવી વિધિ વક્રતા પણ જોવા મળે છે. વક્રતામાં વાણી, પરિસ્થિતિ, વિધિ, સંરચના તેમજ કૌતુકલક્ષી વક્રતા જોવા મળે છે.

(૯) પત્ર :

પત્ર એ અભિવ્યક્તિનું એક સબળ માધ્યમ છે. પત્રની રચના પ્રયુક્તિ દ્વારા સર્જક પાત્રના વ્યક્તિત્વને, તેની આકાંક્ષાઓ, વૃત્તિઓને કૃતિમાં ઉજાગર કરતો હોય છે. પત્રમાં તેના લખનારની અંદરની લાગણીઓ પ્રગટ થતી હોય છે. ક્યારેક ઘટનાની સાબિતીરૂપે પણ પત્રની પ્રયુક્તિ પ્રયોજવામાં આવે છે. પત્ર એ એક સાહિત્ય સ્વરૂપ છે પણ આજનો સર્જક આધુનિક સાહિત્યમાં 'પત્ર'નો એક સાહિત્યિક પ્રયુક્તિ તરીકે વિનિયોગ કરે છે.

(૧૦) આંતરિક મનોગત  એકોક્તિ :

ચેતનાપ્રવાહને વ્યક્ત કરતી મહત્વની પ્રયુક્તિ તરીકે આંતરિક એકોક્તિનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ એકોક્તિમાં પાત્રના ચિત્તમાં ચાલતાં વિચારોને પાત્ર વ્યક્ત કરતું હોય છે. કોઈ દૃશ્યમાં કોઈ પાત્રની ઉક્તિ તે પાત્રના પોતાના આંતરિક જીવનમાં સીધો જ પ્રવેશ કરે છે. આ એકોક્તિમાં પ્રત્યક્ષ અને પરોક્ષ આંતરિક એકોક્તિ પણ હોય છે. પ્રત્યક્ષ એકોક્તિમાં પ્રથમ પુરુષ સર્વનામના દૃષ્ટિકોણથી આલેખન થાય

છે, જ્યારે પરોક્ષ એકોક્તિમાં ત્રીજા પુરુષના દૃષ્ટિકોણથી આલેખન થાય છે. આ એકોક્તિમાં કોઈ શ્રોતા હોતા નથી એમ માનવામાં આવે છે. છતાં આ એકોક્તિ વાચક સમકક્ષ જ રજૂ થતી હોય છે. આંતરિક એકોક્તિ ચેતનાના વાસ્તવિક ભાવજગતને રજૂ કરે છે.

(૧૧) સ્વગતોક્તિ :

સ્વગતોક્તિ એ ચેતનાપ્રવાહને વ્યક્ત કરવામાં સહાયભૂત બનતી પ્રયુક્તિ છે. અન્ય કોઈપણ પાત્રની અનુપસ્થિતિમાં પોતાના વિચારો રજૂ કરવા તે સ્વગતોક્તિ. સ્વગતોક્તિમાં પાત્ર એકલું જ બોલતું હોય છે પણ ઔપચારિક રીતે તે સામાન્ય શ્રોતાની હાજરી છે એમ સમજી લેવામાં આવે છે. લેખકની હાજરી વિના પાત્રની ચેતનામાં ઉદ્દભવતા વિચારોને અભિવ્યક્ત કરે છે. પાત્ર પોતાના વૈચારિક મંથનને સ્વગતોક્તિ દ્વારા વ્યક્ત કરે છે.

ઉપરોક્ત પ્રમાણેની સાહિત્યિક પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને વાર્તાકાર પોતાની વાર્તામાં સંઘર્ષને વ્યક્ત કર્યો છે. તેમની કૃતિઓમાં આવતી વેદના, એકલતા, હતાશા, મનોવ્યથા તેમજ ગુસ્સો, ડર, ભય, દુ:ખ, બે સ્ત્રીઓ વચ્ચેની ઈર્ષ્યા વગેરેને પ્રયુક્તિ દ્વારા બતાવ્યું છે. આ પ્રકરણમાં નિરાશા, પીડા, અફસોસ, ભય, ઈર્ષ્યા, ધૃણા અને ક્રોધ પ્રગટ કરતી વાર્તાઓને પ્રયુક્તિની તીવ્રતાને આધારે ગોઠવણી કરી છે. આ પ્રયુક્તિ સંઘર્ષ, સંવેદન કે નિરાકરણને કઈ રીતે અસરકારક બનાવે છે તે તપાસવાનું છે. તેમની વાર્તાઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષોને વ્યક્ત કરવા ક્યાં અને કઈ સાહિત્યિક પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે તે તપાસીએ.

## જૂથ-૧: નિરાશા

સ્ત્રીઓની ઇચ્છા, ધ્યેય, અપેક્ષાઓ પૂર્ણ ન થવાથી નિરાશા અનુભવે છે. આ નિરાશા અનુભવતી સ્ત્રીઓના સંઘર્ષને દર્શાવવા વાર્તાકાર મનોગત એકોક્તિ, ચેતનાપ્રવાહ, પીઠઝબકાર, સંવાદ અને સહોપસ્થિતિ જેવી પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે. સ્ત્રીપાત્રોના ભાવજગતમાં શું બની રહ્યું છે તે આ પ્રયુક્તિ દ્વારા આપણને જાણવા મળે છે. વાર્તાકાર સ્ત્રીની વેદનાને વાચા આપે છે. મનોગત એકોક્તિનો પ્રયોગ કરીને વાર્તાકાર સ્ત્રીપાત્રોની આંતરિક મથામણને વ્યક્ત કરે છે. પોતાના પતિના કારણે નિરાશા અનુભવે છે. જેને વાર્તાકાર મનોગત એકોક્તિના પ્રયોગ દ્વારા સફળ બનાવે છે. આ જૂથમાં નિરાશાને દર્શાવવા સૌથી વધુ પ્રયુક્તિ ધરાવતી વાર્તાઓને પ્રથમ ક્રમે તીવ્રતા મુજબ ગોઠવણી કરી છે, જે નીચે મુજબ છે.

'દીકરીનું ધન' ('એક લહર', ૧૯૫૭)

શકુંતલા નોકરી કરે છે. કુટુંબની આર્થિક સંકળામણને લીધે તેની લગ્ન કરવાની ઇચ્છા પૂર્ણ થતી નથી. તેની આ માનસિક મથામણ મનોગત એકોક્તિના પ્રયોગ દ્વારા વાચક સુધી પહોંચે છે. કુટુંબને શંકુતલાના પગારની જરૂર છે. જેથી કોઈ તેની મરજીને પૂછતું નથી. તે ઇચ્છે છે કે પોતાને કોઈ સ્વીકારે. આતંરિક મનોગત એકોક્તિ દ્વારા શંકુતલાના ચિત્તમાં ચાલતું તીવ્ર મનોમંથન રજૂ થયું છે. જુઓ;

"ના, ના, પણ કુલીન ઘરની કન્યા કેમ કરીને માબાપને કહેવા જાય કે મારે પરણવું છે, વર શોધી આપો!" (પૃ. ૯૩)

વાર્તાકારે મનોગત એકોક્તિનો ઉપયોગ કરીને શંકુતલાના ચિત્તમાં ચાલતા વિચારો વ્યક્ત કર્યાં છે.

'નો કૉમેન્ટસ' ('જાવલ', ૨૦૦૧)

શ્વેતા-કુણાલના વચ્ચેની તકરારને વાર્તાકારે મનોગત એકોક્તિ મૂકીને વર્ણવ્યો છે. શ્વેતાની બંગળી ખોવાઈ જવાની ઘટના કુણાલ ભૂલી શકતો નથી. શ્વેતા કુણાલને સમજાવવા માગે છે. કુણાલ 'નો કૉમેન્ટ્સ' કહી મૂંગો થઈ જતો. પતિ પોતાની વાત પર વિશ્વાસ ન કરતાં શ્વેતાનો સંઘર્ષ તીવ્ર બને છે. શ્વેતા મનોમન પોતાના જાત પર ઊઠેલા સવાલો અંગે મથામણ અનુભવે છે. તેના આ ભાવજગતમાં ચાલતા મનોસંચલનને વાર્તાકારે આંતરિક મનોગત એકોક્તિ દ્વારા દર્શાવી છે.

"આ જ માણસનો હાથ પકડીને એણે પોતાનું ઘર છોડ્યું હતું?" (પૃ.૨૭)

શ્વેતાની આ માનસિક મથામણ આંતરિક મનોગત એકોક્તિની પ્રયુક્તિ દ્વારા વધુ અસરકારક બને છે.

'દૃષ્ટોદૃષ્ટ' ('ટાઢ', ૧૯૮૭)

કાશીમાનો આર્થિક પરિસ્થિતિના કારણે ઊભો થયેલો સંઘર્ષ અહીં રજૂ થયો છે. તેને વાર્તાકાર આપણી સમક્ષ રજૂ કરવા મનોગત એકોક્તિનો સહારો લે છે. કાશીમાના પતિ અવસાન પામ્યા છે. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી છે. ઘરમાં રહેલા દાગીના નારણ જુગારમાં આપી દે છે. પતિની લૌકિક ક્રિયાઓ પૂર્ણ કરવા કાશીમા પાસે રૂપિયા નથી. કાશીમાના સંઘર્ષ અને ભાવજગતને દર્શાવવા વાર્તાકારે આંતરિક મનોગત એકોક્તિનો વિનિયોગ કર્યો છે.

"બાપ-દીકરાએ કોઈ પિતરાઈઓ સાથે પણ સારાસારી રાખી નથી. કોણ પડખે આવીને ઊભું રહેવાનું હતું? શી રીતે કારજ પાર પાડવાનું હતું?" (પૃ.૧૫૯)

'લક્ષ્મણરેખા' ('જાવલ', ૨૦૦૧)

મરાઠી શંકુતલા અને કાઠિયાવાળી ગુજરાતી ડૉક્ટરસાહેબ એકબીજાને પ્રેમ કરે છે. તેઓ લગ્ન કરી લે છે. તેમને સંતાનો થાય છે. લગ્ન પહેલાં તે અભ્યાસ કરતી અને

સ્કૉલરશીપ મેળવતી. પરણ્યા પછી તે ગુજરાતીનો અભ્યાસ કરે છે. ડૉક્ટરને શંકુતલા ભણે એ પસંદ નથી. તેઓ શંકુતલાના સ્વપ્નો સફળ થવા દેતા નથી. વાર્તાકારે આંતરિક મનોગત એકોક્તિ દ્વારા શંકુતલાના સંઘર્ષના નિરાકરણને વ્યક્ત કર્યો છે.

"શંકુતલાને મારે શોધવી છે–જે મિસ ભાગવત નથી, મિસિસ મહેતા નથી, માત્ર સ્કૉલર નથી, માત્ર પત્ની નથી. એ શંકુતલા કે જેને ઈશ્વરે પોતાને હાથે ઘડી હતી."(પૃ.૧૫૧)

આ વાર્તામાં શંકુતલાની મનોસ્થિતિને વાર્તાકારે આંતરિક એકોક્તિ દ્વારા દર્શાવી છે.

'તરુ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

વાર્તાકારે તરુના સંઘર્ષ અને સંવેદનને આત્મકથનાત્મક ઢબથી રજૂ કર્યો છે. તરુ આગળ અભ્યાસ કરવા ઇચ્છે છે. મા તેને ભણવાની પરવાનગી આપતી નથી. તરુ નિરાશા અનુભવે છે.

"મારી બાને છોકરીઓ કૉલેજમાં ભણે તે પસંદ નથી. હું પાસ થઈશ તો એ મને ઉઠાડી લેશે ને ઘેર બેસાડશે. એના કરતાં હું નાપાસ થાઉં તો શું ખોટું? જે એક વર્ષ ભણવા મળ્યું તે ખરું." (પૃ. ૧૪૧)

આ રીતે તરુની ભણવાની ઇચ્છા પૂર્ણ ન થવાથી નિરાશા અનુભવે છે. તે વાર્તાકારની કથનાત્મક શૈલીના ઉપયોગ દ્વારા અસરકારક બને છે.

'માતૃભક્ત' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

વહુના સંઘર્ષને આત્મકથાનક શૈલીથી દર્શાવ્યો છે. જેમાં 'હું ના માધ્યમ તરીકે વાર્તાની નાયિકા નિર્મળા છે. નિર્મળાને જાણવા મળે છે કે કાશીમામા મામીને સાસુ સામે બોલવાથી મારઝૂડ કરે છે. વહુ કામમાં વ્યસ્ત હોવાથી સાસુને કામની ના પાડે છે. સાસુ

ગુસ્સે થાય છે. તે કહે છે કે, આજકાલની વહુઓ કેવી કહ્યામાં રહેતી. નિર્મળા પોતાની મામીને જોઈને વિચારે છે.

"કોને ખબર દેશમાં કેટલીયે સ્ત્રીઓ આમ જ રોટલા ઘડીઘડીને આયુષ્ય પૂરું કરતી હશે!" (પૃ. ૧૩૧)

'સત્તરમી વસંત' ('જાવલ', ૨૦૦૧)

આશા અમોલાને પોતાની પુત્રી જેવો પ્રેમ કરે છે. અમોલા બિરજુને પ્રેમ કરે છે. આશા બિરજુ વિશે પૂછપરછ કરે છે. આશા જાણે છે કે અમોલા નારાજ થશે. અમોલા અને માસી આશા વચ્ચે સ્નેહ તૂટે છે. આશાના સંઘર્ષને આત્મકથનાત્મક ઢબથી દર્શાવ્યો છે. જુઓ ;

"એ શબ્દો બોલતાં મને બહુ દુ:ખ થયું. હું જાણતી હતી કે મારી અને અમોલાની વચ્ચે રચાયેલો સમજણનો અને સ્નેહનો સેતુ આ શબ્દોથી તૂટી પડવાનો..."(પૃ.૧૦૧)

'ઘરનું માણસ'('ટાઢ', ૧૯૮૭)

સાધુની ધર્મપત્ની પોતાનું ઘર ચલાવવા જાતે મહેનત કરે છે, જ્યારે સાધુ ઘરની જવાબદારીઓથી ભાગી હનુમાનજીનો ભક્ત બની જાય છે. સાધુપત્ની સંતાનો તથા પતિનું ભરણપોષણ કરવા કામ કરવા જાય છે. જેમાંથી ઘરનો વહીવટ ચલાવવો મુશ્કેલ લાગે છે. તેનો સંઘર્ષ કથનાત્મક શૈલીથી રજૂ થયો છે.

"એના બબડાટમાં છોકરાં ને છોકરાંનો બાપ અને સમસ્ત સંસાર સમાઈ જતાં હતાં."(પૃ. ૧૦૭)

સાધુપત્ની પતિના કારણે સંઘર્ષ અનુભવે છે. વાર્તાકાર પોતાની કથનાત્મક શૈલી દ્વારા દર્શાવ્યો છે.

એક છોકરીનું સ્મિત' ('ટાઢ', ૧૯૮૭)

કૌશાંબી વાર્તાની શરૂઆતથી અંત સુધી સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થતી જોવા મળે છે. તેનો આ સંઘર્ષ વાર્તાકાર પોતાની કથનાત્મક શૈલી દ્વારા વ્યક્ત કરે છે. મા-બહેનનો કૌશાંબી પ્રત્યેનો વ્યવહાર વાર્તાકારની શૈલીમાં પ્રગટ થયો છે. કૌશાંબી હંમેશાં બધાં સાથે ખુશીથી રહેતી. મોં ચડાવવું એ તેના સ્વભાવમાં નહોતું. કૌશાંબીનો આ સ્વભાવ તેની મા અને વૈશાલીને પસંદ ન હતો. હંમેશાં તેને ટોકતાં અને અણગમાથી જોતાં. કૌશાંબીના સંઘર્ષને કથનાત્મક શૈલીથી રજૂ કર્યો છે.

"કૌશાંબીના ચહેરાનો મલકાટ તરત લુછાઈ ગયો. બધાં છો ને કહેતાં, તે પોતે હવે જાણતી હતી કે માને તે સારી નહોતી લાગતી. બાપુને નહીં, વિશુને નહીં, ઘરમાં કોઈને નહીં. બહારના લોકો કહે તેથી શું? મા જેટલું જાણે તેટલું કંઈ બીજું કોઈ જાણવાનું હતું?" (પૃ.૧૨૭)

'બીજી મધુરજની' ('એક લહર', ૧૯૫૭)

લલિતાનો સાસુના કારણે ઉદ્દભવતો સંઘર્ષ કથનપદ્ધતિ દ્વારા અસરકારક બને છે. મોતીભાઈ (પતિ) કલકત્તામાં નોકરી કરે છે. લલિતાની ભાવનાઓનો સાચો અર્થપામી ન શક્યા. પરંતુ ચાલીસ વર્ષ પછી તેઓ કલકત્તામાં પત્નીને સાથે લઈ જાય છે. સાસુને લલિતાનું આ વલણ ગમતું નથી. તે લલિતાને ઘરે પરત ફરવાનું જણાવે છે. લલિતા નિરાશ થાય છે, જેને વાર્તાકાર કથનપદ્ધતિ દ્વારા જણાવે છે.

"મોટી ઉંમરનાં આ વરવહુનું જે સંવનન શરૂ થયું....પાછી મોકલી દેવાનું કહ્યું."(પૃ.૧૨૦)

આ સાંભળી લલિતા નિરાશ થાય છે.

'ગોદડી' ('જાવલ', ૨૦૦૧)

લાજુની પિયરમાં ઊભી થતી પરિસ્થિતિને કારણે તેના ભાવજગતમાં તીવ્ર ઘમાસણ ચાલે છે. તેનું આ ભાવજગત આલેખવા ચેતનાપ્રવાહ પ્રયુક્તિ ખૂબ જ અસરકારક બની છે. લાજુ વિનયની (પતિ) રજા લઈ પિયર રહેવા આવે છે. તેની મા કમલા દારૂડિયા પતિને જીવાડવા ગોદડી બનાવીને પૈસા કમાય છે. તેનો પતિ દારૂ પીને રૂપિયા ઉડાવે છે. લાજુ માની આવી હાલત જોઈને નિરાશ થાય છે. લાજુને પોતાની મા માટે ખૂબ દુ:ખ થાય છે. તેની આ મનોદશાને વાર્તાકારે ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત કરી છે.

'આ મા.....શા માટે એ આટલી નમાલી છે? શા માટે આટલો બધો અન્યાય સહન કરે છે ? શા માટે એ કદીયે પાંચ મિનિટ પણ ફક્ત પોતાને માટે જીવતી નથી?' (પૃ.૧૦૪)

આ રીતે લાજુની મનમાં ચાલતી સ્ત્રીની અંગેની વેદના ચેતનાપ્રવાહ દ્વારા અસરકારક બની છે.

'મગમાળા' ('જાવલ', ૨૦૦૧)

વૃદ્ધાવસ્થામાં પહોંચેલી શાલિનીનું ભાવજગત ચેતનાપ્રવાહની પ્રયુક્તિ દ્વારા વ્યક્ત થયું છે. શાલિનીને મગમાળા ખરીદવાની ઇચ્છા હતી. લગ્ન બાદ કરકસર કરી રૂપિયા ભેગા કરે છે. ઘરની આર્થિક પરિસ્થિતિના કારણે મગમાળા લેવાની ઇચ્છા પૂર્ણ કરી શકતી નથી. તે નિરાશા અનુભવે છે. વાર્તાકારે શાલિનીના સંઘર્ષને ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત કર્યો છે. જુઓ;

"કેટલી મહેનતે આ રૂપિયા ભેગા કર્યા છે તે કોઈ શું જાણે? કેટલાંયે એકટાણાં, શાકની ને દૂધની કરકસર, કેટલીય બળેવો, જન્મદિવસોને લગ્નપ્રસંગોની ખુશાલીનો સરવાળો એટલે આ રૂપિયા." (પૃ.૧૯૩)

સુરેશ શાલિની માટે મગમાળાને બદલે સોનાની સાંકળી લઈને તેને પહેરાવે છે. શાલિનીની મગમાળા લેવાની પૂર્ણ થઈ શકી નથી. વાર્તાકારે શાલિનીની નિરાશાને ભાષાકર્મ દ્વારા વ્યક્ત કર્યું છે.

"શાલિનીની આંખમાંથી મોટાં મોટાં આંસુ સરીને મગમાળાના મણકાની જેમ ગળા આગળ અડોઅડ ગોઠવાતાં જતાં હતાં." (પૃ.૧૯૫)

આ રીતે શાલિનીના સંઘર્ષને વાર્તાકારે ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત કર્યું છે.

'સોનેરી પક્ષીનું પીંછું' ('ટાઢ', ૧૯૮૭)

નાયિકા કુટુંબની જવાબદારીના કારણે માનસિક રીતે થાકી છે. તેનો આ માનસિક સંઘર્ષ ચેતનાપ્રવાહ દ્વારા વધુ અસરકારક બન્યો છે. જુઓ;

"હું તો એક સુખી ગૃહિણી છું. શાંત અને સ્વસ્થ. મારે અતુલ છે. અલકા છે, સમાજ છે, પ્રતિષ્ઠા છે, દુનિયાથી ગમે તેટલી કંટાળી તોયે હું મલયની માફક મોકળે મને કહી શકવાની નથી, બહેતર છે કે દુનિયા ચાલતી બંધ થઈ જાય!' (પૃ.૬૨)

નાયિકાના આ સંઘર્ષને વાર્તાકારે સ્ટોરી ઇન સ્ટોરી પ્રયુક્તિનો પણ વિનિયોગ કરી રાજકુંવરના પાત્ર સાથે તેના ભાવજગતને જોડવાનો પ્રયત્ન કર્યો છે. એ બાળવાર્તામાં રાજા પોતાના રાજકુંવરને રાજગાદીએ બેસાડવા ઇચ્છે છે. કુંવરને બગીચામાંથી મળેલું સોનેરી પીંછું મળી આવે છે. એ રાજગાદી છોડી પીંછાની શોધમાં નીકળી પડે છે. મલય નાયિકાને પૂછે છે કે, સોનેરી પક્ષીનું પીંછું શોધવા નીકળવામાં શો વાંધો?

નાયિકા જાણે છે પોતે એમ કરી શકતી નથી. નાયિકાને પતિ, પુત્રી અને સમાજ છે. તે આ બધું છોડીને જઈ શકતી નથી. આ મનોદશાને વાર્તાકારે અહીં ચેતનાપ્રવાહ તેમજ સ્ટોરી ઇન સ્ટોરી પ્રયુક્તિ દ્વારા વ્યક્ત કરી છે.

‘નર્તનમૂર્તિ’ (‘એક લહર’, ૧૯૫૭)

વાર્તાકાર વેણુના સંઘર્ષ અને સંવેદનને સંવાદ દ્વારા વ્યક્ત કરે છે. વેણુ પતિ પાસે નૃત્ય કરવાની રજા માગે છે. પતિની મંજૂરી ન મળવાથી વેણુ સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. બંનેના સંવાદ જુઓ;

“હું હજીયે નૃત્ય કરું તો તમને ગમે?”

“વાહ, કેમ નહીં?”

“ઘેલી રે ઘેલી! તું શું એમ ધારતી હતી કે હવે તને હું લોકોની સામે નાચવા દઈશ?...પળ માત્રને માટે જાગી ઊઠેલી એ સ્વપ્નસૃષ્ટિને વિલીન થતી જોઈ રહેલી વેણુ તન્મય થઈ....” (પૃ. ૧૮૦-૧૮૧)

પતિ સાથે થયેલા સંવાદમાં મળેલા પ્રત્યુત્તરથી વેણુનો સંઘર્ષ જન્મે છે. આ રીતે વેણુનો પુરુષ (પતિ) તેમજ સમાજ સાથેનો સંઘર્ષ વાર્તાકાર સંવાદ દ્વારા રજૂ કરે છે. જેમાં પતિ વેણુને કટાક્ષમાં નૃત્ય કરવાનો ઇન્કાર કરતો જોવા મળે છે.

‘વિશ્રંભકથા’ (‘વિશ્રંભકથા’, ૧૯૬૬)

મંગળાની પ્રેમી સાથેના લગ્નની ઇચ્છા અધૂરી રહેવાથી તે નિરાશમય બનીને જીવન પસાર કરે છે. તેના ભાવજગતમાં રહેલા રહસ્યને વાર્તાકાર સંવાદ દ્વારા રજૂ કરે છે. તે વિનાયકને પ્રેમ કરતી હતી. તેની સાથે પરણી શકી નથી. તે જનકરાય સાથેના લગ્ન નિભાવ્યે રાખે છે. ઘરના સભ્યોના કહ્યા મુજબ કામ કરીને જીવન જીવ્યા કરે છે. વાર્તાકાર મંગળાના સંઘર્ષને સંવાદ દ્વારા રજૂ કરે છે.

“શાંતિ બોલી ઊઠી. ‘પણ એનું મોં વિનાયક જેવું તો સહેજે નથી!” (પૃ. ૫)

“પણ શાંતિ, પછી મારો વિવાહ જ બીજી જગ્યાએ થયો હતો ને!” (પૃ. ૫)

મંગળા અને તેની સખીના સંવાદ પરથી જાણી શકાય છે કે મંગળા તેના પ્રેમી સાથે પરણી શકી નથી.

'કંકુચોખા' ('જાવલ', ૨૦૦૧)

કિંજલ (પ્રેમી) સાથે પરણવાની ના પાડતાં ચૈતાલી તીવ્ર મથામણ અનુભવે છે. તે સંવાદ દ્વારા રજૂ થયો છે. ચૈતાલી ઘર છોડીને ભાગી જાય છે. અનસૂયાબહેનને (મા) કિંજલ ગમતો નથી. ચૈતાલીના સંઘર્ષને સંવાદ દ્વારા દર્શાવી છે. ચૈતાલી કહે છે કે,

"તું શું એમ ધારે છે કે તું ના પાડીશ એટલે હું કિંજલને પરણવાનો વિચાર છોડી દઈશ? હું તો આ ચાલી."(પૃ. ૧૯૯)

ચૈતાલીને મા તેના પ્રેમી સાથે લગ્ન ન કરાવતાં નિરાશા અનુભવે છે. તેના સંઘર્ષને વાર્તાકાર સંવાદ દ્વારા રજૂ કરે છે.

'એક વખત' ('જાવલ', ૨૦૦૧)

સુષમાના ઇન્દુ વેદ (પ્રેમી) સાથે લગ્ન ન થઈ શકવાથી નિરાશ થાય છે. વાર્તાકાર તેના આ સંઘર્ષને ભૂતકાળનો પ્રસંગ મૂકી વધારે ઘેરો બનાવે છે. વાર્તાની શરૂઆતમાં વીજળી જતી રહે છે. સુષમા અને પરાશર (પતિ)ને અંધારામાં શું કરવું તે સમજ પડતી નથી. પરાશર 'એક વખત' નામની રમત રમવાનું જણાવે છે. જેમાં બંને પોતપોતાના ભૂતકાળને વાગોળે છે. સુષમા ઘરડી થઈ ગઈ હોવા છતાં ઇન્દુ વેદને ભૂલી શકી નથી. વાર્તાકારે પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા સુષમાના સંઘર્ષને દર્શાવ્યો છે.

"એક વખત સ્કૂલમાંથી અમે પિકનિક પર ગયેલા. ત્રિવેદી સિસ્ટર સાથે હતાં એટલે થોડી છોકરીઓ પણ આવેલી. મેં એને હા પાડ્યા પછી એકાદ મહિનો થયો હશે... અને એના બાપુજીની બદલી આસામ થઈ ગઈ. એણે એકવાર મને કાગળ પણ લખેલો પણ એમાં એનું સરનામું નહોતું...સુષમાની આંખોમાં ઝળઝળિયાં હતાં." (પૃ. ૪૮)

આ રીતે સુષમાના સંઘર્ષને વાર્તાકારે પીઠઝબકાર દ્વારા રજૂ કર્યો છે.

'ધીમું ઝેર' ('એક લહર', ૧૯૫૭)

વાર્તાકાર લીલા અને પ્રભાતના સંઘર્ષને સહોપસ્થિતિ પ્રયુક્તિ દ્વારા દર્શાવે છે. લીલા શ્રીમંત ઘરની અને શિક્ષિત યુવતી છે. તે પ્રભાત સાથે લગ્ન કરવા માગે છે. પરંતુ તે ગરીબ અને અભણ હોવાથી લીલાના પિતા લગ્નની પરવાનગી આપતા નથી. તેના કાકા લીલાને ગરીબ ઘરની ગૃહિણી બનવાના સ્વપ્નમાંથી બહાર ખેંચી કાઢે છે.

"ગમે તેવા ભિખારડા જોડે તું પરણીને આવે એટલે ચાર દિવસ રહીને તારા મનમાં મેળાવડો કરી તને પાછી બોલાવે એવાં તારાં માબાપ નથી એટલું યાદ રાખજે." (પૃ. ૨૦)

પ્રભાતની પરિસ્થિતિના કારણે લીલા સંઘર્ષનો અનુભવ કરે છે.

"લીલા, બાવીસ વર્ષની ગ્રેજ્યુએટ થયેલી લીલા એકદમ રોઈ પડી, પણ આજે તેનાં આંસુ સામે કોઈ લાગણીથી, સહાનુભૂતિથી જુએ એમ નહોતું." (પૃ. ૨૦)

આ વાર્તામાં ગરીબ-શ્રીમંત એવા વર્ગભેદના કારણે લીલાનો સંઘર્ષ વ્યક્ત થયો છે. અંતમાં લીલા ગરીબ પ્રભાત સાથે લગ્ન કરતી નથી.

## જૂથ-૨: પીડા

પીડાની સત્તર વાર્તાઓમાંથી પીઠઝબકાર પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે. 'સંયોગ', 'રક્ષાબંધન', 'જાવલ', ગઈકાલની ખાનદાની', 'કૂંપળ' વાર્તાઓમાં વાર્તાકારે પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે.

સ્ત્રી પોતાના પ્રેમી સાથે લગ્ન ન કરી શકવાથી પીડા અનુભવે છે. આ પીડાને દર્શાવવા વાર્તાકારે પીઠઝબકાર પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો છે. મનોગત એકોક્તિ દ્વારા 'અંધારી રાત', 'બુડથલ', 'તંતુ', 'નર્મદા' વાર્તાની નાયિકાની માનસિક મથામણ રજૂ થઈ

છે. ફ્લૅશ ફોરવર્ડ પ્રયુક્તિ દ્વારા 'અરુન્ધતી' અને 'આશા'ની નાયિકાનો સંઘર્ષ વધુ અસરકારક બનતો દેખાય છે. આ ઉપરાંત વાર્તાકારે સંવાદ, સહોપસ્થિતિ, પત્રપદ્ધતિ, ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો પણ વિનિયોગ કર્યો છે.

'રક્ષાબંધન' ('એક લહર', ૧૯૫૭)

મા-દીકરા વચ્ચે થયેલા સંઘર્ષને વાર્તાકાર પીઠઝબકાર દ્વારા વધુ ઘેરો બનાવે છે. મા ઘણી મુશ્કેલીઓ સહન કરીને કીર્તિને ઉછેરે છે. કીર્તિનાં પ્રેમીલા સાથે લગ્ન થતાં જ મા-દીકરા વચ્ચે તિરાડ પડાવે છે. કીર્તિને માનું વર્તન નાટક લાગે છે. તે અલગ રહેવાનું નક્કી કરે છે. આ સાંભળી મા પોતાના ભૂતકાળને વાગોળી કીર્તિનું બાળપણ યાદ કરે છે. વાર્તાકારે અહીં પીઠઝબકારની પ્રયુક્તિનો ઉપયોગ કરીને માની પીડાને વધુ ઘેરી બનાવી છે.

"શિયાળાની કડકડતી ઠંડીમાં આમતેમ લાતો મારતો કીર્તિ જ્યારે આખીયે ગોદડી ખેંચી લઈને સૂતો.....તેને ટાઢો પાડતી.... તે વખતની યાદ આવતાં જ આજે એ છોકરો પોતાને જુદી કાઢવા માગે છે." (પૃ. ૮)

કીર્તિનો અલગ રહેવાનો નિર્ણય સાંભળી મા એક કરતાં વધારે સંવેદનોમાંથી પસાર થાય છે. આ સંવેદનને વાર્તાકાર આંતરિક એકોક્તિ દ્વારા દર્શાવે છે. જુઓ;

"કીર્તિ, ખરેખર શું વહુના કહેવા પરથી તેં માને ઢોંગી માની લીધી? આટલો બરડો ફાટફાટ થાય છે. તોયે દીકરા, તેં એકવાર પાસે આવીને ખબરેય ન પૂછી કે, "તને શું થાય છે?......."(પૃ. ૬)

કીર્તિના વર્તનથી મા ઉપર ખૂબ જ અસર કરે છે. ભૂતકાળની ઘટનાઓને મૂકીને વાર્તાકારે માની પીડાને તીવ્ર બનાવી છે.

'સંયોગ' ('એક લહર', ૧૯૫૭)

વાર્તાકાર રેવતીના સંઘર્ષ અને સંવેદનને પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા વ્યક્ત કરે છે. રેવતીને શ્રીનાથન નામના મદ્રાસી યુવક સાથે પ્રેમ થઈ જાય છે. યદુનાથ અને મિત્ર આનંદરાય બંને રેવતીને શ્રીનાથનને ભૂલવા કહે છે. આ આખી ઘટનાને વાર્તાકાર પીઠઝબકાર દ્વારા જણાવે છે.

"બાવીસ વર્ષ પહેલાં રેવતીએ આ જગતમાં આંખો ખોલી ત્યારથી તેમના જીવનનું ધ્રુવબિંદુ બની ગઈ હતી. તેમના તમામ વિચારો, આશા, આકાંક્ષા અને ઊર્મિઓનું તે કેન્દ્ર હતી.......લાડકોડમાં ઊછરેલી દીકરીને એવા અભાગિયાનો ગૃહસંસાર ચલાવવા જતી તે કેવી રીતે જોઈ શકે ? એના કરતાં તો યદુનાથ હજારવાર મરવું પસંદ કરે" (પૃ. ૧૯૩)

સંજોગવશાત શ્રીનાથનનો અકસ્માત થાય છે. તેની હાલત જોઈ રેવતી પિતાના નિર્ણયનો વિરોધ કરે છે. રેવતી શ્રીનાથન સાથે લગ્ન કરવાનો નિર્ણય કરે છે. વાર્તાકાર અહીં રેવતીના સંઘર્ષના શમનને પત્ર પ્રયુક્તિ દ્વારા અસરકારક બનાવે છે.

"પૂ. બાપુ,

માણસની ફરજ તેના સંયોગો પ્રમાણે બદલાય છે એ તમારી પાસેથી જ શીખી છું. એટલે મને ખાતરી છે કે તમે..." (પૃ.૨૦૧)

'જાવલ' ('જાવલ', ૨૦૦૧)

અંધશ્રદ્ધાને કારણે જાવલની મનોદશા અત્યંત ખરાબ બને છે. તેનો આ સંઘર્ષ વાર્તાકાર પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા વ્યક્ત કરે છે. ગામમાં કોઈપણ અણબનાવ બનવા પાછળ જાવલનો વાંક કાઢતાં. ગામમાં ભગવાનભાઈનો છોકરો અવસાન પામે છે. તેના અવસાન પાછળ ગામલોકો જાવલનો વાંક કાઢે છે. જાવલને ડાકણ સમજે છે. તેનું રહસ્ય વાર્તાકાર પીઠઝબકારની પ્રયુક્તિ  દ્વારા આપણી સમક્ષ રજૂ થાય છે. જુઓ;

"દઈ જાણે તારે મોટી બૈનો જ વોંક આમ તો. આ કનીઓ નોનો અતો ની, તી રડવે ચડ્યો. મોટી બૈ કે'કે જાવલવૌ, આકડાનોં પોંન તોડી લાવો, ઊનાં કરીને છિયાને પેટે મેલીએ. હું મોઈ તરત નેંહરી, તે ગઇ ઠેઠ તળાવની પાળ આગર. મુંને ભોનેય નૈ કી હવાર થવા આયું. તે ગોમના બે હારા માણહ લોટો લઈને નેહર્યા અશે તી મુંને ભાળી ગયા. જાવલવૌ કામણટૂમણ કરે છે ને મોઈને નજર ભૂંડી છે. બેથી ચાર ને ચારથી બાર, ગામ આખું મંડી પડ્યું, જાવલી ડાકણ, જાવલી ડાકણ."( પૃ.૧૧૭)

જાવલને રાત્રે આકડાંના પાન તોડતાં જોઈને ગામલોકો તેને ડાકણ સમજે છે. તેના કારણે જાવલ સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે. આ સંઘર્ષને વાર્તાકારે પીઠઝબકાર દ્વારા દર્શાવ્યો છે.

'ગઈકાલની ખાનદાની' ('એક લહર', ૧૯૫૭)

મહાલક્ષ્મીના સંઘર્ષને વાર્તાકાર પીઠઝબકાર પદ્ધતિ દ્વારા દર્શાવે છે. વાર્તાની શરૂઆત મહાલક્ષ્મીને ઘર ચલાવવા પૂરતા રૂપિયા નથી. તે પોતાના સંતાનોની ચિંતા કરે છે. દયાશંકરનું અવસાન થવાથી મહાલક્ષ્મીને વિધવાની પીડા તેમજ આર્થિક મુશ્કેલી નડે છે. મહાલક્ષ્મીને પોતાનું અંગત દુ:ખ સૌથી વધારે થાય છે.

"વલ્લભના પિતા દયાશંકર ગોરને પેઢીઓનું ગોરપદું પાટીદારોનું ગામ ને ખાધેપીધે સુખી વસ્તી એટલે આ બ્રાહ્મણકુટુંબને કાઠા દહાડા જોવાનો વખત આવ્યો નહોતો.....ફિકર હતી જ નહીં....અને ગોરે દેહ છોડ્યો ત્યારે આકરા કલ્પાંતમાં ખોવાઈ ગયેલાં."(પૃ. ૭૫)

વાર્તાકાર મહાલક્ષ્મીની જીવનમાં કેવી રીતે અંધકાર આવે છે તે ઘટનાને પીઠઝબકાર દ્વારા જણાવે છે.

'કૂંપળ' ('જાવલ', ૨૦૦૧)

મનોજના  સ્ત્રીવિષયક ભાવજગતને વાર્તાકાર પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા રજૂ કરે છે. સુનંદાના અને મનોજના લગ્ન થવાનાં હતાં. પરંતુ જાનૈયાઓના મહેંણાં અને સુનંદાના બાપે લગ્ન ન થવાં દીધાં. લીલા તોરણેથી મનોજ પાછો આવે છે. મનોજ સુનંદાને ખૂબ પ્રેમ કરતો હતો. પરંતુ મનોજના પિતા માલતી સાથે ઘડીયા લગ્ન લઈ લે છે. સુનંદાને પતિ ખૂબ માર મારતો. એ સાંભળી મનોજ દુ:ખી થાય છે. આ સમગ્ર ઘટનાને વાર્તાકાર પીઠઝબકાર પદ્ધતિ દ્વારા રજૂ કરે છે.

"આજેય એ પ્રસંગ યાદ આવતાં એના રોમેરોમમાં મૃત્યુની શીતળતા વ્યાપી જાય છે. જેને કિશોર હૈયાના સિંહાસને બેસાડી હતી અને પ્રબળ ઝંખનાથી પળેપળ સંભારી હતી....ક્યારેક સમાચાર મળી જતા–સુનંદાને દીકરો આવ્યો છે. સુનંદાનું ઘર વેચાઈ ગયું છે. સુનંદાનો વર આફ્રિકા કમાવા ગયો છે. સુનંદાને દીકરી આવી છે. સુનંદાને એનો વર બહુ મારે છે." (પૃ.૧૦૮)

આ રીતે સુનંદાના કારણે થતી મનોજની પીડાને વાર્તાકાર પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા અસરકારક બનાવે છે.

'અંધારી રાત' ('એક લહર', ૧૯૫૭)

વાર્તાકાર નિરુપમા અને મહેશનો સંતાનના કારણે થતો સંઘર્ષ દર્શાવવા પીઠઝબકારનો પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે. વાર્તાની શરૂઆતમાં નિરુપમા દીકરીની યાદમાં આંસુ સારે છે. મહેશ પણ  ખોવાઈ ગયેલી દીકરીને યાદ કરી પોતાની જાતને જવાબદાર ગણે  છે. જુઓ;

"આવી જ મેઘલી રાત હતી...પોલીસનું માનવું હતું કે એ અનુરાધા જ હતી. જીદ કરીને તે કોઈ તાગ વગરની પ્રબળ લાગણીની મારી કહી રહી હતી...મારી રાધા આ છે જ નહીં.....પોતે તો અભાગિયો તો ગયો, ત્યાં વળી પ્રદર્શનમાં ગયો અને માણસોના

ઘસારામાં છૂટી પડી ગયેલી રતન જેવી દીકરીને ત્યાં જ મૂકીને પાછો પણ આવ્યો." (પૃ. ૩૬)

નિરુપમાની દીકરી ગુમાવવાની પીડાને વાર્તાકાર આંતરિક મનોગત એકોક્તિ અને મહેશના સંવેદનને ચેતનાપ્રવાહ દ્વારા દર્શાવે છે.

"મારી રાધા આ છે જ નહીં. એ જીવે છે. મને સંભારે છે, કોઈ નહીં શોધી આપે મારી દીકરીને?" (પૃ. ૩૪)

મહેશ પોતાની ગુમાવેલી દીકરીને મુંબઈ છોડી આવ્યાનો અફસોસ કરે છે. તેના સંવેદનને વાર્તાકારે ચેતનાપ્રવાહ પ્રયુક્તિ વડે દર્શાવી છે. જુઓ ;

"પોતે તો અભાગિયો તો ગયો, ત્યાં વળી પ્રદર્શનમાં ગયો અને માણસોના ઘસારામાં છૂટી પડી ગયેલી રતન જેવી દીકરીને ત્યાં જ મૂકીને પાછો પણ આવ્યો....ખરેખર, એવો કઠણ કાળજાનો માણસ બીજો કોઈ દુનિયાના પટ પર હશે ખરો?" (પૃ. ૩૬)

ખોવાયેલી દીકરી પાછી મળતાં નિરુપમા અને મહેશના સંઘર્ષનું શમન થાય છે. તેને વાર્તાકારે ભાષાકર્મના વિનિયોગ વડે દર્શાવ્યું છે.

"ઘવાયેલી ચામડીથી ઢંકાયેલા બે ઊંડા ઊંડા ખાડામાં જાણે પોતાનું આખું જીવન પડી જતું હોય તેવી વ્યાકુળતાથી તેણે અનુરાધાને હૈયાસરસી જડી દીધી." (પૃ. ૩૮)

'બુડથલ' ('જાવલ', ૨૦૦૧)

નાયિકાનો પતિ છૂટાછેડા ઇચ્છે છે. તેનો પતિ અદિતી સાથે લગ્ન કરવા માગે છે. નાયિકાનાં સંતાનો મા પાસે છૂટાછેડાના કાગળ પર સહી લેવા આવ્યાં છે. પોતાનાં સંતાનોનાં મોઢે આ સાંભળી નાયિકા ધ્રૂજવા લાગે છે. નાયિકા પતિ અને સંતાનોને કારણે

સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. વાર્તાકાર નાયિકાના સંઘર્ષને દર્શાવવા ભાષાકર્મ તરીકે સંવાદનો વિનિયોગ કર્યો છે. નાયિકા સંતાનોને કહે છે કે,

"હું ક્યાં એમની આબરૂ પર છાંટા ઉડાડવા ગઈ છું? પણ આ ઘરડે ઘડપણ તમે બધાં આ શી વાત લઈ આવ્યાં છો? એમને મોઢે ના સાંભળું ત્યાં લગી આવું બધું હું માનું નહીં." (પૃ. ૫૯) સંતાનો કહે છે કે,

"ડેડીને એ જ બીક હતી. એટલે જ એમણે ભાસ્કરને કાગળ લખીને આપ્યો છે, તું વાંચી જો."

પત્ર વાંચી નાયિકા પીડા અનુભવે છે. તેની પીડાને વાર્તાકારે આંતરિક એકોક્તિ દ્વારા રજૂ કર્યું છે.

"તો મેં આટલા વરસ કર્યું શું? (પૃ. ૫૯)

આ રીતે વાર્તાકારે નાયિકાના સંઘર્ષને દર્શાવવા સંવાદ અને આંતરિક એકોક્તિનો વિનિયોગ કર્યો છે.

'તંતુ' ('જાવલ', ૨૦૦૧)

મિત્સુનો માતા સાથેનો સંઘર્ષ વાર્તાકારની આંતરિક મનોગત એકોક્તિ દ્વારા રજૂ થયો છે. અંકિતા મન્મથને (પતિ) છોડી પરેશ સાથે લગ્ન કરી લે છે. તેથી મિત્સુ અંકિતાને નફરત કરે છે. મન્મથ આઘાતના ગુજરી જાય છે. મિત્સુ તેના દાદા-દાદી સાથે રહીને ઉછરે છે. દાદા મિત્સુને અંકિતા અને પરેશને સોંપે છે. પરંતુ મિત્સુ અંકિતાને મા માનતી નથી. તેને ધિક્કારે છે. મિત્સુનો સંઘર્ષ આંતરિક મનોગત એકોક્તિ દ્વારા આપણી સમક્ષ રજૂ થાય છે.

"આ મિસ્ટર પરેશ દલાલ એને ભલામણ કરતા હતા, 'એ દુ:ખી છે-એને સાચવજે.' સાચવોને તમે જ! તમે જ ભગાડી ગયા હતા, તમે જ મારા પપ્પાને એકલા

પાડી દીધા–મારી નાખ્યા. તમારે જ એને સાચવવાની, તમારી પત્ની છે ને? મારા પપ્પાની નથી." (પૃ. ૮૧)

મિત્સુની આ તીવ્ર મથામણ મનોગત એકોક્તિ પ્રગટ થાય છે.

'નર્મદા' ('એક લહર', ૧૯૫૭)

યશોદાને લગ્ન પછી બિહારીની (પતિ) પ્રેમિકા વિશે જાણ થાય છે. તેને ધ્રાસકો લાગે છે. આકસ્મિક આવી પડેલા યશોદાના સંઘર્ષ અને સંવેદનને વાર્તાકાર આંતરિક એકોક્તિ દ્વારા અસરકારક બનાવે છે. પિતાને જાણ હોવા છતાં લગ્ન કરાવ્યાં તેની જાણ થતાં જ યશોદાને આઘાત લાગે છે.

"પિતાએ જો જાણીજોઈને જ પોતાને અહીં પરણાવી છે તે પછી જિંદગીનો બોજો વેઠ્યે જ છૂટકો." (પૃ. ૧૫૭)

યશોદા બિહારીને પ્રેમિકા સાથે રહેવાની મંજૂરી આપી એકલી જીવન પસાર કરે છે. ઘણીવાર તીવ્ર અજંપો અનુભવતી જોવા મળે છે. જુઓ;

'કેટલીક વાર કોઈની મ્હોં મરડીને થતી વાતચીત સાંભળતી ત્યારે તેને દુ:ખ અવશ્ય થતું. બાળકોની રમાડતી માતાઓને જોતાં, આનંદકિલ્લોલ કરતાં પતિ-પત્નીને જોતાં તેનાથી નિસાસો નખાઈ જતો, "મારો તો ભવ બગડ્યો!" (પૃ.૧૫૮)

'અનાથાશ્રમની કન્યા' ('એક લહર', ૧૯૫૭)

હેમલતાનાં લગ્ન મધુકાન્ત સાથે થાય છે. હેમલતા સુંદર અને ગુણકારી વહુ હતી. બધાં તેની પ્રશંસા કરે છે. સમાજના લોકોને જાણ થાય છે કે હેમલતા અનાથાશ્રમમાં ઊછરેલી છોકરી છે. બધા લોકો તેને ઉપેક્ષા અને મજાકભરી દૃષ્ટિથી જોવા લાગે છે. આ બધાં લોકો સામે તેનો પતિ, સાસુ-સસરા કોઈ કશું બોલતું જ નહિ. હેમલતા લોકોની નજરથી બચવા ઘરની બહાર પણ નીકળતી નથી. સમાજમાં અનાથ

છોકરીને માન મળતું નથી. સમાજની આ માન્યતાને કારણે હેમલતા સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. તેના સંઘર્ષને વાર્તાકારે કથનાત્મક શૈલીથી રજૂ કર્યો છે. જુઓ;

"ચોરે ને ચૌટે, બજારમાં ને મંદિરે, જ્યાં જુઓ ત્યાં બસ હેમલતાની જ વાતો થવા લાગી. લોકોની એ કૌતુકભરી દૃષ્ટિને અર્થગંભીર કુટિલ હાસ્યથી હેમલતા પોતે પણ ઝંખવાઈ ગઈ. તે બહાર નીકળતી નહીં, કોઈની સામે મીટ માંડતી નહીં." (પૃ. ૪૦)

'મારા મનથી એમ કે' ('ટાઢ', ૧૯૮૭)

શિલ્પાના લગ્ન સુનીલ સાથે થાય છે. શિલ્પાના એ દિવસો બહુ આનંદમાં વીત્યા હતા. પરંતુ હનીમૂન પરથી પાછા આવ્યાને બીજે દિવસે સુનીલ અલકા(પ્રેમિકા) સાથે ભાગી જાય છે. પતિ ભાગી જવાથી શિલ્પાનું જીવન અંધકારમય બની જાય છે.

પતિ પ્રેમિકા સાથે ભાગી જાય તે આરોપ શિલ્પા ઉપર આવે છે. તેના પર આવી પડેલા અણધાર્યા આઘાતને વાર્તાકારે કથનાત્મક શૈલીથી રજૂ કર્યો છે. જુઓ;

"ઘરનાં માણસોની, ઘરના એકાંતની, જતા રહેલા, સુનીલની, જિંદગીનાં બાકી રહેલાં વર્ષોનાં, ભૂલેશ્વર ગયેલી મમ્મીની, મળવા નહીં આવેલા પપ્પાની, દીવાનખાનાની સેટીને એક ખૂણે એ કોકડું વળીને બેસી રહી." (પૃ.૮૪)

'અરુન્ધતી' ('જાવલ', ૨૦૦૧)

વાર્તાકારે અરુન્ધતીના સંઘર્ષને દર્શાવવા ફ્લૅશ ફોરવર્ડ પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. ઉદ્ધવ–અરુન્ધતી પતિપત્ની છે. આરામ–વિરામ અને નિરાલી તેમનાં સંતાનો છે. ઉદ્ધવને મોનિકા સાથે પ્રેમ થાય છે. તેની સાથે પરણવા માગે છે. અરુન્ધતી પોતાનાં સંતાનોના ભવિષ્ય વિશે ચિંતિત થાય છે. તે વિચારે છે,

"આ છોકરાંઓ કંઈ કાયમ બાર વરસના નથી રહેવાના. ભણશે, વધારે ભણવાનો મોહ રાખશે, કામે લાગવું હશે, પરણવું હશે.....પોતાની લાચારી સમજીને સહાનુભૂતિ દર્શાવશે કે પોતાની નિષ્ફળતા પ્રત્યે ક્રોધ દર્શાવશે?" (પૃ.૧૩૬)

અહીં વર્તમાનની સાથે ભવિષ્યની ઘટનાને મૂકીને વાર્તાકારે અરુન્ધતીના સંઘર્ષને વર્ણવી બતાવ્યો છે.

'આશા' ('જાવલ', ૨૦૦૧)

આશા જન્મથી બોડકી હોવાથી પરિવારજનો તેનો તિરસ્કાર કરે છે. તેની મા રોજ આશાને ગાળો આપ્યા કરે છે તેમજ પરિવારજનોનો માર પણ સહન કરવો પડે છે. આશા પરિવાર સાથેના સંઘર્ષનો સ્વીકાર કરી જીવન વીતાવે છે. આશાના સંઘર્ષને વાર્તાકારે ફ્લૅશ ફોરવર્ડ પ્રયુક્તિ દ્વારા દર્શાવ્યો છે.

"ચંપલનો માર ખાઈખાઈને મોટી થઈ ને લાકડીનો માર ખાઈ ખાઈને મરીશ." (પૃ. ૧૭૨)

આશા યશવંતને પ્રેમ કરે છે, પરંતુ લગ્ન પછી યશવંત પણ બોડકી હોવાના કારણે માર મારશે એમ વિચારી આશા સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે. વાર્તાકારે આશાની મનોસ્થિતિને ફ્લૅશ ફોરવર્ડ પ્રયુક્તિ દ્વારા દર્શાવી છે. જુઓ;

"પરણીશ તો એય કોક દહાડો મને બોડકી કહીને ખીજવશે, મારશે, ગાળો દેશે- પછી હું કોનું મોં જોઈને જીવીશ, સાહેબ?" (પૃ.૧૭૩)

આ રીતે ફ્લૅશ ફોરવર્ડની પ્રયુક્તિ આશાના ભાવજગતને વધુ ઘેરું બનાવે છે.

'કવિના પ્રેમપત્રો' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

સુભદ્રા-રોહિત વચ્ચે થતી તકરારને વાર્તાકાર પત્રપદ્ધતિ અને ચેતનાપ્રવાહ દ્વારા દર્શાવી છે. રોહિત પ્રેમપત્રોને છપાવીને સાહિત્યકાર બનવા માગે છે. આ સાંભળી સુભદ્રા તીવ્ર મથામણ અનુભવે છે. સુભદ્રાનો સંઘર્ષ પત્ર દ્વારા રજૂ થયો છે.

"પ્રિય રોહિત,

અસહ્ય નિરાશા અને અણકલ્પેલા આઘાતના દુ:ખથી કચરાઈ રહી છું. મેં કદી નહોતું ધાર્યું કે તમારો પ્રેમ મારી નહીં–પણ જગતની મિલકત છે. એ પત્રોની દોર પર ચડી મારો મનપતંગ સુખના કેવા આકાશે મ્હાલી આવતો હતો તે તમને કેમ સમજાવું?....તમને છોડતાં મને અત્યંત દુ:ખ થાય છે પણ શું કરું?

એક વખતની તમારી સુભદ્રા" (પૃ. ૨૦૦)

સુભદ્રાની પીડાના સંવેદનને વાર્તાકાર ચેતનાપ્રવાહ દ્વારા દર્શાવે છે.

"એક ક્ષુદ્ર સ્ત્રીના મનમાં પ્રેમનો મહેરામણ જગાડવાની ક્યાં, કંઈ જરૂર હતી? અને આ પુરુષ સાથે થોડાક જ દિવસ પછી પરણવાની હતી!" (પૃ. ૧૯૯)

આ રીતે સુભદ્રા રોહિતના અણકલ્પેલા નિર્ણયથી પીડા અનુભવે છે, જેને વાર્તાકારે ચેતનાપ્રવાહ દ્વારા દર્શાવે છે.

'સોનાનું ઘડિયાળ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

રસિકલાલનો સોનાની ઘડિયાળના લીધે મિત્ર સાથે ઝઘડો થાય છે. એ ઝઘડાનું સમાધાન કરવા રસિકલાલ પત્ર દ્વારા મનોરમાની વાત જણાવે છે. મનોરમાને વસંત નામના યુવાન સાથે પ્રેમ થાય છે. આ જાણીને સાવકી મા ચાળીસ વર્ષના બીજવર સાથે લગ્ન ગોઠવે છે. મનોરમા મનોજ સાથે ભાગી જાય છે. રસિકલાલ નાના હોવાથી પ્રેમ જેવી બાબતોથી અજાણ છે. તે મનોરમાને પકડી લાવે છે. રસિકલાલને ઇનામરૂપે સોનાની ઘડિયાળ મળે છે. મનોરમા દુ:ખી થાય છે. રસિકલાલને પશ્ચાતાપ થાય છે.

વાર્તાકાર રસિકલાલ અને મનોરમાના સંઘર્ષને દર્શાવવા પત્ર પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે.

"પ્રિય મિત્ર,

તમને મળવાના અનેક પ્રયત્નો કર્યા.....ઘડિયાળની પાછળ જે ઇતિહાસ છે તેનું મૂલ્ય મારા જીવનમાં બહું મોટું છે. 'મનોરમાનું મુખ મેં જોયું ત્યારે બાળક હોવા છતાંયે ધરતી માર્ગ આપે તો સમાઈ જવાનું મને મન થઈ ગયું હતું." ('અધૂરો કૉલ', પૃ.૧૮૨)

આ રીતે રસિકલાલ પોતાના મિત્રને પત્ર લખે છે. જેમાં રસિકલાલ અને મનોરમાનો સંઘર્ષ વ્યક્ત થતો બતાવ્યો છે.

'અવસર ચૂક્યા મેહુલા' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

શચી-સંજયના વચ્ચેનો સંઘર્ષ સંવાદ દ્વારા વ્યક્ત થયો છે. શચીના લગ્ન સંજય સાથે ન થવાથી તે ગૂંગળામણ અનુભવે છે. શચી પોતાના શરીરને હાનિ પહોંચાડે છે. બંનેનો સંવાદ જુઓ;

"શચી તારી આ હાલત? આટલી બધી માંદી કેમ કરતાં થઈ ગઈ?"

તમને તો તરલા ગમી ને!"

સંજયના ભાવજગતને વાર્તાકારે આંતરિક મનોગત એકોક્તિ દ્વારા રજૂ કર્યું છે.

"અરેરે, આ શચી પાછી ક્યારેય, કદીય નહીં મળે? તેની સાથેનું જીવન કેવું જ બની જાત!"

'લિપસ્ટિક' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

પૌલોમી શ્રીમંત વર્ગની આધુનિક વિચારસરણી ધરાવે છે. અશોક ગાંધી વિચારસરણી ધરાવે છે. આ બંને પાત્રો વિરોધી વિચારવાળાં બતાવ્યાં છે. પૌલોમીના લિપસ્ટિકના ઉપયોગથી ગાંધીવિચાર ધરાવતા અશોકને વાંધો હોવાથી બંને વચ્ચે સંઘર્ષ

થાય છે. વાર્તાકાર સહોપસ્થિતિની પ્રયુક્તિનો વિનિયોગ કરી પૌલોમી અને અશોકના સંઘર્ષને ઉજાગર કરે છે.

"પૌલોમી દેશના અંગ પર વળગેલી જળો જેવા શ્રીમંત વર્ગની પ્રતિનિધિ છે. નાનપણથી જ અશોક ગાંધીવાદની છાયામાં ઊછરેલો. કપડાં તો ખાદીનાં જ હોય." (પૃ. ૪૬)

અશોકનું મનોવિશ્વ આંતરિક એકોક્તિ દ્વારા વ્યક્ત થાય છે. તે પૌલોમીના લિપસ્ટિકના ઉપયોગનો વિરોધ કરે છે. પૌલોમી અશોકના ખાતર તેનો ત્યાગ કરે છે. તેના શોખનો ત્યાગ મન વગરનો છે એમ જાણીને અશોક અફસોસ અનુભવે છે. તેને વાર્તાકાર આંતરિક એકોક્તિ દ્વારા રજૂ કરે છે.

" ..તેના જેવી સુંદર સ્ત્રીને પોતાનું રૂપ વધારવાનું મન થાય એ પણ શું સ્વાભાવિક નહોતું? (પૃ. ૫૩)

આ રીતે પીડાની સંવેદના ધરાવતી સ્ત્રીના સંઘર્ષને દર્શાવવા પીઠઝબકાર પ્રયુક્તિ વધારે પ્રમાણમાં વપરાય છે. 'રક્ષાબંધન' વાર્તામાં ભૂતકાળના પ્રસંગો મૂકી માની પીડાને ઘેરી બનાવે છે. 'જાવલ' વાર્તાની નાયિકાને ડાકણ માનવાનું રહસ્ય ભૂતકાળની બનેલી ઘટના છે. 'કૂંપળ' વાર્તામાં મનોજના લગ્ન તૂટવાની ઘટના પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા જાણવા મળે છે. 'અંધારી રાત' વાર્તામાં સ્ત્રી પોતાની દીકરીને ગુમાવવાથી થતી પીડા મનોગત એકોક્તિ દ્વારા વ્યક્ત થાય છે.

## જૂથ-3: અફસોસ

અફસોસની સંવેદના ધરાવતી વાર્તાઓમાં નાયિકાના સંઘર્ષને દર્શાવવા વાર્તાકારે પીઠઝબકાર, આત્મકથનાત્મક શૈલી, કથનાત્મક શૈલી, ચેતનાપ્રવાહ અને વકતા પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. જેમાં 'એ વાત ખોટી છે' અને 'બંધન' વાર્તામાં

ચેતનાપ્રવાહનો ઉપયોગ કર્યો છે. સ્ત્રી સમાજમાં પોતાની પ્રતિષ્ઠા બચાવવા આપઘાત કરવાના નિર્ણયથી અફસોસ અનુભવે છે. જેને દર્શાવવા વાર્તાકાર આત્મકથનાત્મક શૈલીનો વિનિયોગ કરે છે. 'કલાકારની પત્ની' અને કુસુમનો મહેમાન' વાર્તામાં પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા નાયિકાના સંઘર્ષને વાર્તાકાર અસરકારક બનાવે છે.

'એ વાત ખોટી છે' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

પ્રભા અલકા (બહેન) માટે અભ્યાસ છોડવાનો  નિર્ણય કરે છે. અમુક એવી ઘટના બનવાથી અલકા પ્રભાના ચારિત્ર્ય પર શંકા કરે છે. પ્રભાને અફસોસનો અનુભવ થાય છે. જેને વાર્તાકાર ચેતનાપ્રવાહ દ્વારા દર્શાવે છે. જુઓ;

'પોતે આટલા પ્રેમથી ઉછરેલી નાનકડી બહેન જ જો પોતાનું કહ્યું માનવા તૈયાર ન હોય તો પછી આ જિંદગીનો અર્થ જ શો? અને તો તો ભણવાનું છોડવામાં પોતે કરેલો પેલો મહાન સ્વાર્થત્યાગ પણ નકામો જ ને?' (પૃ. ૧૨૫)

પ્રભાના માતાપિતાનું અવસાન થવાથી તે અલકા સાથે એકલવાયું જીવન વ્યતીત કરે છે. વડીલોની આબરૂ સાચવવાની સલાહ પ્રભાના મન પર ઘેરી અસર કરે છે. લોકનિંદાનો એક નાનો સરખો ડાઘ પણ પોતાના ચારિત્ર્ય પર લાગી જાય તો જિંદગી ધૂળમાં મળી જાય. એવા  ડરમાં જ પ્રભાની માનસિક સમતુલા ખોરવાઈ જાય છે. વાર્તાકાર પરોક્ષ આંતરિક એકોકોતિ દ્વારા તેના સંઘર્ષને દર્શાવે છે.

"કોઈ વખત પોતે એ બહેનપણીઓ સાથે જતી હોય અને રસ્તામાં એ લોકો પોતાના મિત્રો સાથે ગપ્પાં મારવા ઊભાં રહી જાય તો શું થાય? ગામને મોંએ કંઈ ગળણું બંધાય છે? બધા એવી જ અફવા ઉડાડે કે પ્રભા તો છોકરાઓની સાથે ભાઈબંધી રાખે છે, તો શું થાય?"(પૃ. ૧૨૦)

પ્રભાના સંઘર્ષને અસરકારક બનવામાં ચેતનાપ્રવાહ પદ્ધતિ તેમજ આંતરિક એકોક્તિ ઉપયોગી સાબિત થઈ છે.

'બંધન' ('એક લહર', ૧૯૫૭)

માલતીને વ્યસનનું બંધન થઈ જાય છે. તેનાથી છૂટવાના પ્રયત્નો નિષ્ફળ નીવડે છે. તેના કારણે તેના મનોજગતમાં ચાલતા વિચારોને વાર્તાકાર ચેતનાપ્રવાહ અને આંતરિક એકોક્તિ દ્વારા દર્શાવે છે. કોકેઇનના વ્યસન માટે તે પોતાની માએ બનાવી આપેલાં ઘરેણાં વેચવા મજબૂર બને છે. તે તીવ્ર મથામણ અનુભવે છે. જુઓ;

"પોતે તો ક્ષુદ્રમાં ક્ષુદ્ર, સૌથી અધમ જીવન જીવી રહી હતી. તેના કરતાં તો મવાલી રસૂલ સારો. રાતદિવસનો ધંધો હોવા છતાં તે આ બદીમાં સપડાયો નહોતો. પોતે માણસ કહેવડાવાનેય લાયક હતી ખરી?" (પૃ.૬૭)

માલતી વ્યસનના નશાને કારણે સર્વસ્વ ગુમાવે છે. તેના અફસોસના સંવેદનને વાર્તાકાર ચેતનાપ્રવાહ દ્વારા રજૂ કરે છે.

"જહન્નમમાં જાય આ નારકીય વસ્તુ! એને માટે પોતે શું શું નહોતું ખોયું? પતિનો પ્રેમ, સંતાનની આશા, આત્મસન્માન, માણસને માણસ કહેવડાવે તે બધું જ....."(પૃ. ૬૯)

'કલાકારની પત્ની' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

રેખાનું ભાવજગત વિકસાવવા વાર્તાકાર પીઠઝબકાર, ચેતનાપ્રવાહ અને આંતરિક એકોક્તિનો વિનિયોગ કરે છે.

પાંચ વર્ષ પહેલાં પોતે કરેલી લગ્નની ભૂલનો અહેસાસ થતાં રેખા ભૂતકાળમાં સરી પડે છે. અહીં વાર્તાકારે પીઠઝબકાર પ્રયુક્તિનો સહારો લઈ રેખાનું ભાવજગત વિકસાવ્યું છે. લગ્ન બાદ તે જાણે છે કે કિશોરને સંગીત માટે કદર નથી. મિત્રના આપઘાત સમયે પણ કિશોર સમાજમાં દેખાડો કરવા મિત્રપત્નીને મદદ કરે છે.

'મનમાંને મનમાં પછડાટો ખાતી રેખાને હવે સમજાઈ ગયું હતું કે કિશોરની એ અસ્પર્શ્ય તટસ્થતાનો મર્મ શો હતો.' (પૃ.૧૫૬)

રેખાના અફસોસના ભાવજગતને વાર્તાકાર ચેતનાપ્રવાહ દ્વારા રજૂ કરે છે. તેની અપેક્ષા વિરુદ્ધનો પતિ મળવાથી તે નિરાશા અને અફસોસનો અનુભવ કરે છે.

"આ જ શું પેલો નામી સંગીતકાર કિશોર, કે જેની કલા પર મુગ્ધ થઈને પોતે એના ચરણોમાં જીવન ન્યોછાવર કર્યું?" (પૃ.૧૫૪)

રેખા કિશોરના નિષ્ઠુર સ્વભાવને ઓળખી જાય છે. પરંતુ તે કિશોર સાથેનાં લગ્નજીવનને નિભાવ્યે રાખે છે. રેખા પરિસ્થિતિનો સ્વીકાર કરી મનને મનાવે છે. જે આંતરિક એકોક્તિ દ્વારા અસરકારક બને છે.

"તો યે આખરે તો એ કલાકારની પત્ની હતી!" (પૃ.૧૫૬)

'કુસુમનો મહેમાન' ('એક લહર', ૧૯૫૭)

વાર્તાકાર પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા કુસુમના સંઘર્ષને દર્શાવે છે. સતીશ અને કુસુમ વચ્ચે ડાહ્યાલાલના કારણે બોલાચાલી થાય છે. કુસુમ બેઘર થયેલા ડાહ્યાલાલને મદદ કરવાનું જણાવે છે. સતીશ ગુસ્સામાં છાપું ફેંકી દે છે.

"વાત આમ હતી. સતીશનો બાળપણનો સહાધ્યાયી ડાહ્યાલાલ પૈસેટકે છેક જ બેહાલ થઈ ગયો હતો....તેણે સતીશને ઉપરાઉપરી પત્રો લખવા માંડ્યા હતા, જે બધાનું તાત્પર્ય એક જ હતું કે સતીશે ડાહ્યાલાલને થોડા દિવસ મહેમાન તરીકે બોલાવવો." (પૃ. ૧૮3)

સતીશ સાથે ઝઘડીને કુસુમ ડાહ્યાલાલને ઘરમાં રહેવાનો સહારો આપે છે. દિવસો જતાં ડાહ્યાલાલના વર્તનથી કુસુમ હેરાન થઈ જાય છે. સતીશની વાત ન માનીને કુસુમ

અફસોસ અનુભવે છે. સતીશ અને કુસુમના સંવાદ દ્વારા તેના અફસોસનું સંવેદન પ્રગટ થાય છે. જુઓ;

"સતીશ! મારી ભૂલ થઈ. મારે તારું સાંભળવું જોઈતું હતું."

"એ કંઈ એમની મેળે નથી આવ્યા. આપણે કાગળ લખીને તેડાવ્યા છે."(પૃ.૧૮૮)

કુસુમ પાસે બોલવાનું કંઈ હતું નહીં. તેણે માત્ર આંસુ સાર્યા. આ રીતે કુસુમનું ભાવજગત પીઠઝબકાર અને સંવાદ દ્વારા અસરકારક બન્યું છે.

'અધૂરો કૉલ' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

સમાજમાં રહેલી પોતાનાં માતા-પિતાની પ્રતિષ્ઠાને કારણે વસુ સામે સંઘર્ષ ઊભો થાય છે. વસુ અનંતને પ્રેમ કરે છે. પરંતુ સમાજના ડરથી તે લગ્ન કરી શકતી નથી. તેના મનોજગતમાં ચાલતા મનોમંથનને વાર્તાકાર આત્મકથનાત્મક શૈલી દ્વારા અસરકારક બનાવી શક્યાં છે. વસુ અનંતને પોતાનો પ્રેમ સમાજમાં જાહેર કરવા ન કરવાનું જણાવે છે. તે બંનેના સંવાદ દ્વારા જાણીએ,

"અનંત તું હજી સમજતો નથી. આપણે એવું કરીએ તો પછી લોકોમાં કેવું દેખાય? બધાં જ જાણી જાય કે આ બંનેને પ્રેમ હશે."

અનંત જણાવે છે કે,

"મર્યા પછી યે લોકોમાં કેવું દેખાય તેની ચિંતા કરવી છે?" (પૃ. ૭૦)

માતા-પિતાની ચિંતા કરતી વસુનું ભાવજગત ચેતનાપ્રવાહ પ્રયુક્તિ દ્વારા રજૂ થયું છે.

"એ અનંત વિના પોતે કેમ જીવી શકે? અને બા-બાપુજી એ લોકો તો કદી પોતાનું પ્રણયગીત સમજી શકવાનાં નહોતાં." (પૃ. ૭૨)

વસુ ભાનમાં આવતાં અનંતના મૃત્યુથી પશ્ચાતાપ કરે છે. વસુના સંઘર્ષનું શમન જીવન જીવવાની આશાથી દર્શાવ્યું છે. તે આંતરિક એકોક્તિ દ્વારા સફળ બને છે.

"હવે કોઈ દિવસ મને કંઈ નહીં થાય મા!" (પૃ. ૭૬)

'અનિવાર્ય સંજોગોને લીધે' ('ટાઢ', ૧૯૮૭)

શાશ્વતીને પ્રેમમાં મળેલી નિષ્ફળતાને કારણે દુ:ખી થાય છે. તેનું આ ભાવજગત વાર્તાકારની કથનાત્મક શૈલી દ્વારા રજૂ થાય છે. શાશ્વતી અને નીરવ પ્રેમ કરે છે. બંને બાવીસમી તારીખ લગ્ન માટે પસંદ કરે છે. પરંતુ એ તારીખે શહેરી વિસ્તારમાં કરફ્યું લાગી જાય છે. એ વાતની જરાય પરવા કર્યાં વિના શાશ્વતી લગ્ન કરવા માટે નીરવના ઘરે પહોંચી જાય છે. પરંતુ ઘરમાં રહેલી માતાની બીકથી નીરવ શાશ્વતી સાથે લગ્ન કરવાનું મુલતવી રાખે છે. અહીં શાશ્વતીનું મનોજગત રજૂ થયું છે. જુઓ;

"ઝાંખું સ્વપ્ન દેખાવા લાગ્યું. ઘનઘોર રાત, તોફાની નદી અને માટીનો કાચો ઘડો લઈને બહાર નીકળેલી એક તરુણી.. શાશ્વતીએ આંખો પર હાથ ફેરવીને સ્વપ્નું લૂછી નાખ્યું." ('ટાઢ', પૃ.૧૫૦)

આ રીતે શાશ્વતીના અફસોસને દર્શાવવા વાર્તાકાર કથનાત્મક શૈલીનો વિનિયોગ કર્યો છે.

'મમ્મી નામનો પરપોટો' ('ટાઢ', ૧૯૮૭)

મિતુલ સાથેના છૂટાછેડાથી માલા સંઘર્ષમય પરિસ્થિતિમાંથી પસાર થાય છે. માલા આ પરિસ્થિતિ માટે ઈશ્વરને જવાબદાર ગણે છે. વાર્તાકારે માલાના ઈશ્વર સાથેના સંઘર્ષને વ્યક્ત કરવા વક્રતાનો વિનિયોગ કર્યો છે. જુઓ;

"ઈશ્વર નહોતો. ક્યારેય નહોતો. મિતુલ ચાલ્યો ગયો ત્યારે તો નહીં જ, મળ્યો ત્યારે પણ નહીં.....હોત તો તેનો આવો અણધાર્યો અશોભન અંત ન આવ્યો હોત...પણ એય કેમ કહેવાય? ઈશ્વરના કયાં કામમાં ભલીવાર હોય છે?" (પૃ.૬૭)

માલા તમન્નાને (દીકરી) લીધે એકલવાયું જીવન વીતાવે છે. માલાની લગ્ન કરવાની ઇચ્છા છે. એના અરમાનો, ઇચ્છાઓ મનમાં દાબી દઈ દીકરીનો ઉછેર કરે છે. માલા સમજણી થતાં માને તિરસ્કારની દૃષ્ટિએ જુએ છે. તમન્ના માલાને કહે છે કે, તું કોઈ દેવીપ્રતિમા નથી, જેને માણસ સવાર સાંજ પ્રણામ કરે. આ સાંભળી માલા પોતાના મનમાં બોલે છે કે,

'વારુ, દેવીપ્રતિમા નથી તો! મારે દેવી થવુંયે નથી. દેવી થવાથી કોનું ભલું થયું છે દુનિયામાં? ...અને આમ જુઓ તો એવો મોટો ગુનોયે શું કરી નાખ્યો છે મેં.' (પૃ.૬૬)

વાર્તાકારે આંતરિક એકોક્તિ દ્વારા માલાની મનોદશાને વ્યક્ત કરી છે. માલા સંઘર્ષની પરિસ્થિતનો સ્વીકાર કરી તમન્ના સાથેના જીવન જીવવાનો નિર્ણય કરે છે. વાર્તાકારે માલાના આ નિર્ણયને વર્ણનના ભાષાકર્મ વડે વ્યક્ત કરે છે. જુઓ;

"એકલતાના રણમાં ચાલતાં ચાલતાં માલાનાં ચરણ થાકી ગયાં, કેટલીયે કેડીએથી દોડીદોડીને એ પાછી આવી. હંમેશા પાછું રણ. એનુંયે ધોળું, ભૂખરું, મેલું–ગરમગરમ અને ઝીણી રેતીમાં દટાયેલું, ક્ષિતિજને ગળી જતું ઉદાસ રણ. માલાએ કાયમ એમાં જ ચાલ્યા કર્યું છે. કાયમ એમાંથી જ નાસી છૂટવાનાં ફાંફાં માર્યા છે." (પૃ.૬૮)

આ રીતે વાર્તાકારે માલાના ભાવજગતને આંતરિક એકોક્તિ, વક્રતા અને ભાષાકર્મનો વિનિયોગ કર્યો છે.

ઉપરોક્ત વાર્તાઓને જોતાં સમજાય છે કે જે-તે વાર્તાઓમાં વપરાયેલી પ્રયુક્તિ સ્ત્રીના સંઘર્ષને અસરકારક બનવામાં ઉપયોગી સાબિત થઈ છે. આત્મકથનાત્મક શૈલીમાં

રજૂ થયેલી 'અધૂરો કૉલ' વાર્તામાં વસુનો સંઘર્ષ રજૂ થાય છે. જેમાં વસુના આપઘાત કરવાના નિર્ણયથી અફસોસનો અનુભવ કરતી નજરે પડે છે. 'અનિવાર્ય સંજોગોને લીધે' વાર્તામાં નાયિકા પ્રેમી સાથે લગ્ન કરવા માટે તેના ઘરે પહોંચે છે. તે સમયે પ્રેમી લગ્નની ના પાડતાં નાયિકા સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. તેના આ સંઘર્ષને વાર્તાકારે કથનાત્મક શૈલી દ્વારા વાચક સમક્ષ રજૂ કરે છે. વ્યસનની લતે ચડેલી માલતીના સંઘર્ષને વાર્તાકાર ચેતનાપ્રવાહ દ્વારા વધુ અસરકારક રીતે રજૂ કરી બતાવ્યું છે. 'કલાકારની પત્ની' વાર્તામાં સ્ત્રી પોતાની અપેક્ષા મુજબનો પતિ ન મળતાં અફસોસ અનુભવે છે. જેનું રહસ્ય આપણને પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા જાણવા મળે છે. મા પોતાની દીકરીના ભવિષ્યના કારણે લગ્ન કરતી નથી. એ જ દીકરી શંકા કરતાં મા અફસોસ અનુભવે છે. તેના આ સંઘર્ષને દર્શાવવા વાર્તાકાર વક્રતાનો ઉપયોગ કરે છે.

આ રીતે અફસોસ સંવેદન સ્ત્રીઓના સંઘર્ષને દર્શાવવા ચેતનાપ્રવાહ, પીઠઝબકાર, વક્રતા તેમજ કથનાત્મક શૈલીના ઉપયોગ દ્વારા સ્ત્રીપાત્રોનું ભાવજગત રજૂ થયું છે.

**જૂથ-૪: ભય**

ભયની સંવેદના ધરાવતી વાર્તાઓમાં સ્ત્રીપાત્રોના સંઘર્ષને દર્શાવવા વાર્તાકારે ફ્લેશ ફોરવર્ડ, ચેતનાપ્રવાહ, પીઠઝબકાર અને મનોગત એકોક્તિ પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે. સંતાનના ભવિષ્યના કારણે ચિંતિત થતી સ્ત્રીના સંઘર્ષને વ્યક્ત કરવા ફ્લેશ ફોરવર્ડ પ્રયુક્તિ ઉપયોગી બને છે. 'કુંજગલીનો સાદ' વાર્તામાં સાસુ-વહુના ત્રાસથી ઘર છોડવાનો નિર્ણય કરે છે. જેને પીઠઝબકાર દ્વારા દર્શાવ્યું છે. પ્રેમ-પ્રેમિકા વચ્ચેના સંઘર્ષને વ્યક્ત કરવા 'નટવાનો દોર' વાર્તામાં વાર્તાકાર મનોગત એકોક્તિનો પ્રયોગ કરે છે.

'મયંકની મા' ('એક લહર', ૧૯૫૭)

મયંકના લગ્ન થઈ જવાથી પોતાનું અસ્તિત્વ હશે કે કેમ? એવા કાલ્પનિક વિચારના કારણે સુરેખા ભય અનુભવે છે. તેનું આ ભાવજગત ફ્લૅશ ફોરવર્ડ પ્રયુક્તિ દ્વારા રજૂ થયું છે. મયંકનો જન્મ થવાથી સુરેખા ખૂબ જ આનંદિત બની જાય છે. મયંક મોટો થતાં તેને બાલમંદિરમાં મૂકે છે. મયંક પોતાના વગર ખુશ રહી શકે છે. એ જોઈ ભવિષ્યમાં મયંકની પત્ની આવતાં પોતે ક્યાં હશે? તેના આ કાલ્પનિક ભયના સંવેદનને વાર્તાકાર ફ્લૅશ ફૉરવર્ડનો વિનિયોગ કરી દર્શાવે છે.

"પ્રત્યેક વર્ષ જાણે કે સુરેખાને હડસેલો મારી મારીને ખૂણામાં ધકેલતું જાય છે અને મયંકની આકૃતિ વધુ ને વધુ સ્પષ્ટ, સુરેખ, મોટી થતી થતી કેન્દ્રમાં આવતી જાય છે. વર્ષો પર વર્ષો જાય છે, સ્કૂલમાં, કૉલેજમાં, લગ્નમંડપમાં, ધંધામાં મયંક ખોવાઈ જાય છે. ના, ના, મયંક તો છે જ. એ રહ્યો. એની સાથે એક યુવતી છે. કોણ હશે એ ભાગ્યવતી? પછી તો મયંક અને એ સૌભાગ્યવતી પોતાનો આગવો ગૃહસંસાર રચશે. એમાં પોતે ક્યાં હશે!" (પૃ.૯૦)

આ રીતે સુરેખા ભવિષ્યમાં પોતાના અસ્તિત્વને લઈને અસલામતી અનુભવે છે. જેને વાર્તાકાર ફ્લૅશ ફોરવર્ડ પ્રયુક્તિ દ્વારા વ્યક્ત કરે છે.

'વિસર્જન' ('જાવલ', ૨૦૦૧)

સદાશિવ ઘરમાં ગણપતિ દાદાની સ્થાપના કરે છે. વિસર્જનનો સમય થયો હોવા છતાં સદાશિવ ગણપતિ દાદાની વિદાય કરતા નથી. ઘરમાં અનાજ પણ ખૂટી જાય છે, છતાં પ્રસાદ કરીને બધે વહેંચે છે. ભાગીરથી સદાશિવને ગણપતિ દાદાનું વિસર્જન કરવાનું કહેતાં માથામાં લોટો મારે છે. ભાગીરથી ડર અનુભવે છે. વાર્તાકાર ભાગીરથીના સંઘર્ષને ફ્લૅશ ફોરવર્ડની પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. જુઓ;

"એ ક્યારે જાગશે? એની તબિયતને તો કંઈ નહીં થાય ને? જાગીને જોશે કે દેવનું આસન ખાલી છે, ત્યારે એ શું કરશે?" (પૃ.૨૧૯)

આ રીતે ભાગીરથીના ભાવજગતને દર્શાવવા વાર્તાકાર ફ્લેશ ફોરવર્ડ પ્રયુક્તિનો ઉપયોગ કરે છે.

'પ્રાર્થના' ('ટાઢ', ૧૯૮૭)

નાયિકા શુભાના (દીકરી) કારણે સંઘર્ષનો અનુભવ કરે છે. તેના મનોજગતને વાર્તાકાર ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ કરી રજૂ કરે છે. શુભા યુવાન થતાં મોડી રાત સુધી ઘરની બહાર રહે છે. તેની સાથે અણબનાવ ન બને તે વિચારથી નાયિકા ચિંતિત છે. નાયિકાની આ મનોસ્થિતિને વાર્તાકારે ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત કર્યું છે.

"આ નિર્જનતામાં જો પડઘો ઊઠે તો સહેવાય નહી. તે જ ક્ષણે વેરાઈ જાઉં, વીંખરાઈ જાઉં. આ તો દોડું છું, કદાચ ક્યાંક શુભા મળે. લાગે છે, શુભા પણ ક્યાંક દોડી રહી છે, પણ મારી શોધમાં નહી; મારી શોધમાં હરગીજ નહીં." (પૃ.૫૨)

નાયિકા શુભાની સાથે કંઈક અણબનાવ  બની જશે એ અવદશાને ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત કર્યું છે.

'કુંજગલીનો સાદ' ('ટાઢ', ૧૯૮૭)

આશાબહેનના સલોનીના(વહુ) વર્તનથી સંઘર્ષ અનુભવે છે. સાસુ-વહુ વચ્ચેના સંઘર્ષને વાર્તાકાર પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા રજૂ કરે છે. આશાબહેન વૃંદાવન ચાલ્યા જવાનો નિર્ણય કરે છે. સુમંત(દીકરો) બાને વૃંદાવન જવાની ના પાડે છે. આશાબહેન સુમંતના લગ્ન સલોની સાથે કરાવવા પતિની વિરુદ્ધ અવાજ ઉઠાવે છે. સલોનીને આશાબહેન જરાય પસંદ ન હતાં. સસરા સલોનીના ત્રાસથી વૃંદાવન ચાલ્યા જાય છે. જુઓ;

"જોયેલો સિનેમા ફરી જોતી વખતે જેમ બધું ઝટઝટ બનતું લાગે છે, જાણીતું હોવા છતાં નવું લાગે છે, તેમ એમનાં મન સામે સલોની સાથે પરણવાની સુમંતની ઇચ્છા અને એ ઇચ્છાને માન આપવા પોતે મનમોહનદાસની સામે મોરચો.....– તે દિવસોમાં સલોની પાતળી ને સુંદર લાગતી હતી......આશાબહેનની નજરે હવે એના ચહેરાની પેલી દ્વેષીલી અને સખત રેખાઓ છૂપી રહેતી નહોતી." (પૃ. ૮૮)

સલોની ગુસ્સામાં આવી છૂટાછેડા લઈને ચાલી જાય તો આખો પરિવાર વીંખેરાઈ જાય. એમ વિચારી આશાબહેન કાલ્પનિક ભય અનુભવે છે. વાર્તાકારે આશાબહેનના ભાવજગતને  આંતરિક મનોગત એકોક્તિ દ્વારા રજૂ કર્યું છે.

"જવાનું એટલે જવાનું. દુ:ખેસુખે દહાડા કાઢી નાખવાના, આ ઘર ખાલી કરી નાખવાનું. સલોનીના જીવને સુખ થશે, શાંતિથી રહેશે. આજકાલની વહુનો શો ભરોસો? ક્યાંક વીફરે ને છૂટાછેડા લેવા ઊભી થઈ જાય તો આખો માળો જ વીંખાઈ જાય ને!" (પૃ.૯૦)

'નટવાનો દોર' ('એક લહર', ૧૯૫૭)

વાર્તાકારે નાયિકાના સંઘર્ષને આંતરિક એકોક્તિ દ્વારા રજૂ કર્યો છે. નાયિકા નિશીથને પ્રેમ કરે છે. નિશીથ નાયિકાને ફક્ત મિત્ર માને છે.

"પણ મારી જાતને છેતરવાનો કશો જ ફાયદો નહોતો. મારી આંખમાંથી જે ગરમગરમ આંસુ વહેતાં હતાં તે થાકનાં નહોતાં, ડરનાં નહોતાં, નિષ્ફળ રોષનાં હતાં. મનને મનાવવાનો કાંઈ અર્થ જ નહોતો, હું સંપૂર્ણપણે નિશીથના પ્રેમમાં પડી ચૂકી હતી. હવે બચવાનો આરો હતો જ નહીં. (પૃ.૧૩૪)

નાયિકા તીવ્ર માનસિક મથામણ અનુભવે છે. વાર્તાકાર નાયિકાના ભાવજગતને ચેતનાપ્રવાહ વડે ખુલ્લું પાડે છે.

"હંમેશાં સજાગ રહીને જોયા જ કરવું જોઈશે કે એના મિત્રમાં રહેલી સ્ત્રી ક્યાંક એની નજરે ન ચડી જાય." (પૃ. ૧૩૭)

ઉપરોક્ત વાર્તાઓને સમજાય છે કે ફ્લેશ ફોરવર્ડ પ્રયુક્તિ દ્વારા સ્ત્રી પોતાનાં સંતાનોના કારણે અસલામતી અનુભવતી જોવા મળે છે. 'વિસર્જન' વાર્તાની નાયિકા પતિના વર્તનના કારણે ડર અનુભવે છે. જેના કારણે ભવિષ્યનો વિચાર કરતી નાયિકાનો સંઘર્ષ જોઈ શકાય છે. 'કુંજગલીનો સાદ' વાર્તામાં સાસુ વહુને બચાવવા ઘર છોડવાનો નિર્ણય કરે છે. તો 'નટવાનો દોર' વાર્તાની નાયિકા મિત્રને ખોઈ દેવાના ડરથી તે સંઘર્ષ અનુભવે છે, જે મનોગત એકોક્તિ દ્વારા તીવ્ર બને છે.

## જૂથ-૫: ઈર્ષ્યા

ઈર્ષ્યાની સંવેદના ધરાવતી ચાર વાર્તાઓમાં પીઠઝબકાર, ચેતનાપ્રવાહ, અને મનોગત એકોક્તિ પ્રયુક્તિનો વિનિયોગ જોવા મળે છે. 'મનામણાં' અને 'મનસ્વિની' વાર્તામાં સ્ત્રી-સ્ત્રી વચ્ચે થતા ઈર્ષ્યાના ભાવને પ્રગટ કરવા વાર્તાકાર પીઠઝબકારનો ઉપયોગ કરે છે. જેના દ્વારા સંઘર્ષ અસરકારક બને છે. વાર્તાની શરૂઆતમાં સ્ત્રીપાત્રો મૂંઝવણ અનુભવતાં જોવા મળે છે. જેનું રહસ્ય ભૂતકાળમાં પડેલી કોઈ ઘટના છે. 'હરીફ' વાર્તામાં ચેતનાપ્રવાહ પ્રયુક્તિ દ્વારા સ્ત્રીપાત્રોના મનોસંચલોને વાર્તાકાર પ્રગટ કરી બતાવે છે. તો 'લગ્નની ભેટ' વાર્તામાં મનોગત એકોક્તિ દ્વારા નાયિકાના સંઘર્ષને વ્યક્ત કરે છે.

'મનામણાં' ('અધૂરો કૉલ', ૧૯૫૫)

સૂરજબાનો સંઘર્ષ વાર્તાકારે પીઠઝબકાર પદ્ધતિ દ્વારા દર્શાવ્યો છે. શરૂઆત આ રીતે થાય છે. સૂરજબા દીકરી મણિના આણા માટે કપડાં ખરીદવા વેપારીને ઘરમાં બોલાવે છે. રામભાઈ(પતિ) વેપારીને ચાલ્યા જવાનું જણાવે છે. તેમના આ વર્તનનું

કારણ સૂરજબા રૂપબાને (જેઠાણી) ગણાવે છે. તેનું રહસ્ય ભૂતકાળની ઘટનામાં રહેલું છે. અહીં પીઠઝબકાર પદ્ધતિનો ઉપયોગ કરીને સૂરજબાનો સંઘર્ષ વ્યક્ત કર્યો છે.

સૂરજબા પરણીને આવતાં ઘરમાં પોતાનો અમલ ચલાવવા માગતાં હતાં. એ મુજબ ન થતાં અલગ રહેવાનું નક્કી કરે છે. રામભાઈ, મણિ તેમજ સમાજના લોકો રૂપબાને જ માન આપતાં. સૂરજબા સાથે કોઈ વાત કરતું નહિ. સૂરજબાને રૂપબા પ્રત્યે ઈર્ષ્યાનો ભાવ થાય છે. આ સંઘર્ષ પીઠઝબકાર પદ્ધતિ દ્વારા આપણી સમક્ષ રજૂ થાય છે.

'મનસ્વિની' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

વાર્તાકારે સુવર્ણાના સંઘર્ષ અને સંવેદનને પીઠઝબકાર પ્રયુક્તિથી રજૂ કર્યો છે. સુવર્ણા અચાનક છાત્રાલયમાં ચાલ્યા જવાનો નિર્ણય કરે છે. તેના મનમાં કંઈક ગડમથલ ચાલે છે. આશા જવાનું કારણ પૂછે છે. સુવર્ણા ભૂતકાળમાં બનેલી ઘટના યાદ કરે છે. આશાના સગપણ માટે આવેલો યુવાન સુવર્ણાને પસંદ કરે છે. સુવર્ણા આશાને આશ્વાસન આપે છે. આશા તેને ધક્કો મારે છે. આ ઘટના સુવર્ણાના મનને હચમચાવી નાખે છે. સુવર્ણાને આઘાત લાગે છે.

"તે સાંજે ઘરમાં ઘણી ધમાલ હતી..........લજ્જાભર્યે ચહેરે આશા જાંબલી રંગની સાડી પહેરીને બેઠી હતી....જીવનમાં પહેલી જ વાર આશાએ તેને ક્રોધતી આઘે હડસેલી અને શબ્દેય બોલ્યા વગર પહેલાંની માફક રડવાનું ચાલ્યું રાખ્યું."

આશાના ભાવજગતને વાર્તાકાર ચેતનાપ્રવાહ દ્વારા રજૂ કરે છે. સુવર્ણાના આકર્ષક દેખાવથી આશાને ઇર્ષ્યા થાય છે. તે ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત થાય છે. જુઓ;

"સુવર્ણાને શરીરે હલકામાં હલકું રંગીન છાયલ પણ રેશમી સાડી જેવું દીપી નીકળતું. એનું એ લૂગડું પોતે પહેરતી ત્યારે કોઈ કાંઈ પૂછતું નહીં.." (પૃ. ૪૩)

આ રીતે વાર્તાકાર પીઠઝબકાર પદ્ધતિ દ્વારા આશા અને સુવર્ણાના સંઘર્ષને વ્યક્ત કર્યો છે.

'હરીફ' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

નીલાના આકર્ષક દેખાવને કારણે સુહાસ ઈર્ષ્યા અનુભવે છે. તેનું આ સંવેદન આંતરિક ચેતનાપ્રવાહ દ્વારા અસરકારક બનતો જણાય છે. જુઓ;

"લોકો શું કહેશે? ક્લબના જૂના સભ્યો તો કદાચ વર્ષોની દોસ્તી જાળવી રાખે પણ પેલા યુવાનોનું જૂથ? એમને તો નિ:શક નીલા જ પસંદ પડવાની....વર્ષો પહેલાં જેમ પોતાની આસપાસ મિત્રો પ્રશંસકો ને પ્રેમીઓનું ટોળું ભમ્યા કરતું હતું તેવું જ હવે નીલા પાછળ ભમવાનું. નૃત્યખંડમાં હવે કોણ સમ્રાજ્ઞીપદ શોભાવશે તેની કશી જ શંકા રહે એમ નહોતું." (પૃ. ૯૨)

નવયૌવના પુત્રી નીલાને જોઈને માતાના મનમાં ઈર્ષ્યા અને સ્પર્ધા ભાવ પ્રગટે છે. વાર્તાકારે ભાષાકર્મના ઉપયોગથી સુહાસના સંઘર્ષને રજૂ કર્યો છે. જુઓ;

"વળી પાછી તે અરીસા આગળ અંબોડે ફૂલનો ગજરો બાંધતી નીલાનાં ત્રણ ત્રણ પ્રતિબિંબ નીરખી રહી કોઈ ધૂની શિલ્પીએ નવરાશની વેળાએ કંડારેલી આરસ પ્રતિમા? કોઈ નીલ સરોવરમાં સો સો પાંખડીએ ખીલી ઊઠેલું કમળનું ફૂલ?" (પૃ. ૯૩)

માને દીકરીના આકર્ષક દેખાવને લઈને થતી ઈર્ષ્યાને પ્રગટ કરવા વાર્તાકાર ચેતનાપ્રવાહ તેમજ ભાષાકર્મનો વિનિયોગ કરે છે. જેના દ્વારા સંઘર્ષ વધુ અસરકારક બનતો જણાય છે.

'લગ્નની ભેટ' ('એક લહર', ૧૯૫૭)

કોઈપણ સ્ત્રી પોતાના પતિને સ્ત્રીમિત્ર હોય તે સહન કરી શકતી નથી. આ વાર્તામાં નાયિકા પતિની સ્ત્રીમિત્રએ આપેલી ભેટના કારણે સંઘર્ષ અનુભવે છે. નાયિકાના

સંઘર્ષને આંતરિક મનોગત એકોક્તિ દ્વારા દ્વારા વ્યક્ત કરે છે. ભેટને કારણે નાયિકા અસલામતી અનુભવે છે. નાયિકા પેટીને શંકાથી જુએ છે, તેના મનમાં ઈર્ષ્યાભાવ જાગે છે. આ ઈર્ષ્યાભાવ મનોગત એકોક્તિ દ્વારા વધુ અસરકારક બને છે.

'કેટલીયે વાર મનમાં થતું, એમને પગે પડીને કહી દઉં કે મહેરબાની કરીને આ પેટી અહીંથી લઈ લો. મારાથી એની સામે જોવાતું નથી. પણ એવું કરું તો એમને વહેમી, નબળા મનની ને અદેખી ગણીને હસી જ કાઢે ને! કોને ખબર છે, એમ કરવા જતાં હું એમના મનથી તદ્દન ઊતરી જાઉં તો?' (પૃ. ૧૪૯)

નાયિકાનું મનોજગત અહીં રજૂ થયું છે. જુઓ;

"ભલા ભગવાન! આનાથી છૂટવાનો કોઈ મારગ જ નહીં હોય શું?" (પૃ. ૧૪૮)

આ રીતે વાર્તાકારે નાયિકાના સંઘર્ષ અને સંવેદનને દર્શાવવા મનોગત એકોક્તિનો ઉપયોગ કર્યો છે.

ઉપરોક્ત વાર્તાઓને જોતાં જણાય છે કે 'મનામણાં' વાર્તામાં દેરાણી-જેઠાણી વચ્ચે થતા સંઘર્ષને વ્યક્ત કરવા પીઠઝબકાર પ્રયુક્તિ વધુ અસરકારક બને છે. તેના દ્વારા બંને વચ્ચે સંઘર્ષ તીવ્ર બને છે. 'મનસ્વિની' વાર્તાની નાયિકા શરૂઆતથી જ માનસિક મથામણ અનુભવતી નજરે પડે છે. તેનું રહસ્ય વાર્તાકાર આપણને પીઠઝબકાર દ્વારા જણાવે છે. આ પ્રયુક્તિ નાયિકાના સંઘર્ષને તીવ્ર બનાવે છે. એ ઘટનામાંથી બહાર આવતાં જ તે ઘર છોડવાનો નિર્ણય કરી લેતી જોવા મળે છે. 'હરીફ' વાર્તામાં માતાને દીકરી પ્રત્યે થતી ઈર્ષ્યાને ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત કરી છે. 'લગ્નની ભેટ' વાર્તામાં નાયિકાને પતિની સ્ત્રીમિત્રએ આપેલી ભેટના કારણે ઈર્ષ્યાભાવ જાગે છે. જેને મનોગત એકોક્તિ દ્વારા વાર્તાકાર અસરકારક બનાવે છે.

**જૂથ-૬: ઘૃણા**

ઘૃણા ભાવ ધરાવતી વાર્તાઓને વ્યક્ત કરવા વાર્તાકારે ચેતનાપ્રવાહ, દિવાસ્વપ્ન અને પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. 'લાલબત્તી' વાર્તામાં નાયિકા ભાઈઓના કારણે સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાતી નજરે પડે છે. તેની મનની સ્થિતિ આપણને ચેતનાપ્રવાહ પ્રયુક્તિ દ્વારા જાણવા મળે છે. 'એક મુસાફરી' વાર્તામાં નાયિકા અજાણ્યા માણસના વર્તનથી ઘૃણા અનુભવે છે. એનાથી દૂર રહેવા તે પ્રેમી સાથેના લગ્નના સ્વપ્ન જુએ છે, જેને દિવાસ્વપ્ન પ્રયુક્તિ દ્વારા જાણી શકાય છે. તો 'શિવનારાયણ' વાર્તામાં નાયિકાનો સંઘર્ષ પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા વ્યક્ત થતો જોઈ શકાય છે.

'લાલબત્તી' ('ટાઢ', ૧૯૮૭)

સુષમાને ભાઈઓના કારણે થતો સંઘર્ષ ચેતનાપ્રવાહ દ્વારા રજૂ થયો છે. સુષમા કંપનીમાં કામ કરીને ઘર ચલાવે છે. તેના બે ભાઈઓ શ્રીકાંત, અનિલ અને પોતે એમ ત્રણ જ જણ હતાં. બંને ભાઈઓ સુષમાને ખૂબ ત્રાસ આપતા. તેને ભાઈઓના કામ તરત જ કરવા પડતાં. તેને ઝઘડો પસંદ ન હોવાથી તે ભાઈઓ સામે કંઈ બોલતી નહીં. શ્રીકાંત માટે દૂધ લેવા જતાં તેનો અકસ્માત થતાં બચે છે. આ ઘટનાથી તેને ભાઈઓની માગણીઓથી ઘૃણા થવા લાગે છે. વાર્તાકારે સુષમાના સંઘર્ષને દર્શાવવા ચેતનાપ્રવાહ પદ્ધતિનો વિનિયોગ કર્યો છે.

"ઘરે શું થશે? અનિલ અને શ્રીકાંત એમની નિરંતર માગણીઓ, એમની ધૂન. એમનો નર્યો સ્વાર્થ.....અને રવિવારની દાળઢોકળી!"(પૃ. ૯૮)

શ્રીકાંત માટે દૂધ લેવા જતી વખતે સુષમા વિચારોમાં ખોવાઈ છે. તેનો અક્સ્માત થતાં  તેની કંપનીનો માણસ બચાવે છે. તે જણાવે છે કે અકસ્માતથી ન બચાવ્યાં હોત તો આજે તમારું અવસાન થયું હોત. આ સાંભળીને સુષમાને સ્વજાગૃતિ થાય છે. સુષમા

ઘરની પરિસ્થિતિથી કંટાળી જઈને સ્વતંત્ર નિર્ણય લેતી થાય છે. કોઈના કહ્યાગરા થઈને નહીં પરંતુ સ્વનિર્ણય લઈને જાતે જ કાર્ય કરવું એવા ઉકેલ પર આવે છે. સુષમાના સંઘર્ષનું શમન વાર્તાકારે આંતરિક મનોગત એકોક્તિ દ્વારા દર્શાવ્યું છે.

"શા માટે શ્રીકાંતના ગુરુદેવે એને સવામણ દૂધથી નહાવાનું કહેવું જોઈએ, અને શા માટે પોતે એ દૂધ લેવા જવું જોઈએ?"

સુષમા ઘરે પહોંચીને દાળઢોકળીના બદલે તેને ભાવતા દાળભાત બનાવે છે. આ રીતે સુષમા બંને ભાઈઓનો વિરોધ કરી પોતાની ઇચ્છા મુજબ જીવન જીવવાનો નિર્ણય કરે છે. આ રીતે વાર્તાકાર દાળભાતના સંકેત દ્વારા સુષમાને નિર્ણય બદલતી બતાવી છે.

'શિવનારાયણ' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

વાર્તાકાર નિલીમાના સંઘર્ષને પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા રજૂ કરે છે. નિલીમા પાર્ટીમાં શિવનારાયણને જોઈને તેની નજરથી છુપાવવાનો પ્રયત્ન કરે છે. તેનું કારણ ભૂતકાળમાં બનેલી ઘટના છે. શિવનારાયણ નિલીમાને ચાહે છે. નિલીમા તેને ચાહતી નથી. ઘણા પ્રયત્ન કરવા છતાં તે પીછો છોડતો નથી. નિલીમા તેનાથી કંટાળી જાય છે. તેનો અણગમો વધતો જ જાય છે.

"તે વખતે આ શિવનારાયણ માંડ વીસેક વર્ષનો હશે...કોણ હશે એ શિવનારાયણ?.....આવી આવી ચોપડીઓ એણે શા સારું મને આપવી જોઈએ? મારાથી વધારે દિવસ સહન થઈ શકે એમ મને લાગતું નહોતું." (પૃ.૫૧)

નિલીમા માટે કૉલેજ જવું મુશ્કેલ બની જાય છે. તેનું વર્તન જોઈ  નિલીમા ગુસ્સે થાય છે. નિલીમાની ધમકીની પણ અસર ન થતાં શિવનારાયણ પ્રત્યે ધૃણાનો ભાવ જન્મે છે. તેના સંવેદન આંતરિક ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત થતી જણાય છે.

"કોણ હશે એ શિવનારાયણ? આમ અડબંગની જેમ આવીને વાત કરતાં એને કંઈ શરમ નથી આવતી?" (પૃ.૫૧)

આ રીતે નિલીમાના સંઘર્ષને દર્શાવવા વાર્તાકાર પીઠઝબકાર અને ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે.

'એક મુસાફરી' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

સ્વાતિના માનસિક મથામણને વાર્તાકાર દિવાસ્વપ્ન અને આંતરિક મનોગત એકોક્તિ દ્વારા વ્યકત કરે છે. સ્વાતિ અને શોભન એકબીજાને પ્રેમ કરે છે. બંને લગ્ન કરવા માગે છે. વડીલોની સંમતિ મેળવવા સ્વાતિ પિતા સાથે રેલ્વેમાં નીકળે છે. રેલ્વેમાં સાંકળચંદના વર્તનથી સ્વાતિને ત્રાસ થવા લાગે છે. વાર્તાકારે સ્વાતિના સંઘર્ષને આંતરિક એકોક્તિ દ્વારા વ્યક્ત કરી બતાવ્યો છે. સાંકળચંદને જોઈને સ્વાતિ મનોમન બોલે છે,

"ઓહ, કેવા કેવા માણસો થાય છે અહીંયાં!" (પૃ. ૬૪)

સ્વાતિ સાકળચંદની નજરથી બચવા બારી બહાર જુએ છે. સ્વાતિની શોભન સાથેના લગ્નની તીવ્ર ઇચ્છા દિવાસ્વપ્ન પ્રયુક્તિ દ્વારા જાણવા મળે છે.

"સ્મૃતિ, કલ્પના અને દિવાસ્વપનના મિશ્રણમાંથી રચાયેલી કોઈ અજબ સૃષ્ટિમાં તે ઊંડી ઊતરી ગઈ.....શોભન ખરેખર સારો હતો. પરસ્પરની પસંદગી પર આજે વડીલોની સંમતિની મહોર લાગી જશે પછી તો થોડાક જ દિવસમાં વિવાહ – અને પછી લગ્ન! જીવન સાચે જ બહુ આનંદભર્યું હતું!" (પૃ. ૬૪)

સ્વાતિની શોભન સાથેની લગ્નની ઇચ્છા દિવાસ્વપ્ન પ્રયુક્તિ દ્વારા જાણી શકાય છે.

ઉપરોક્ત પ્રમાણે ઘૃણાની વાર્તાઓને જોતાં જણાય છે કે વાર્તાકાર ચેતનાપ્રવાહ, દિવાસ્વપ્ન અને પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા સ્ત્રીપાત્રોના સંઘર્ષને વ્યક્ત કરે છે. 'લાલબત્તી' વાર્તાની સુષમા બંને ભાઈઓના વર્તનથી કંટાળી ગઈ છે. એ બંને પ્રત્યે તેને ઘૃણાભાવ જાગે છે. જેને ચેતનાપ્રવાહ પ્રયુક્તિ વધુ તીવ્ર બનાવે છે. એમાંથી તે પોતાનો સ્વતંત્ર નિર્ણય લેતી બતાવી છે. 'એક મુસાફરી' વાર્તામાં સ્વાતિ અજાણ્યા માણસના વર્તનથી ઘૃણા અનુભવે છે. તેનાથી છૂટવા સ્વાતિ સ્વપ્નમાં સરી પડે છે. 'શિવનારાયણ' વાર્તામાં નિલીમા નાયકની નજરથી છુપાવા પ્રયત્ન કરે છે. તેનું રહસ્ય વાર્તાકાર પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા આપણને જણાવે છે. આ પ્રયુક્તિ પુરુષ સાથેના સંઘર્ષને વધુ અસરકારક બનાવે છે.

## જૂથ-૭: ક્રોધ

ક્રોધની સંવેદનાને દર્શાવવા વાર્તાકારે ચેતનાપ્રવાહ અને પીઠઝબકાર પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે. 'હું ચાહું છું' વાર્તામાં નાયિકા પતિ પ્રત્યે ક્રોધ પ્રગટ કરે છે. આ ક્રોધને વ્યક્ત કરવા વાર્તાકારે ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો સફળ રીતે પ્રયોગ કર્યો છે. 'પ્રયાગ' વાર્તામાં નાયિકા પોતાના સંતાનના વિયોગથી દુ:ખી છે. પતિના નિર્ણયથી નાયિકા સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. આ સંઘર્ષને વ્યક્ત કરવા વાર્તાકાર પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ કરે છે. ક્રોધની આ બે વાર્તાઓને  પ્રયુક્તિની તીવ્રતા નીચે મુજબ ગોઠવણી કરી છે.

'હું ચાહું છું' ('વિશ્રંભકથા', ૧૯૬૬)

વાર્તાકાર રત્નાના સંઘર્ષને દર્શાવવા આંતરિક ચેતનાપ્રવાહ પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. રત્નાની કૅન્સરની ગાંઠ વધ્યા જ કરતી હતી. તે ડૉક્ટર પાસે જવાની વાત કરે છે. ડૉક્ટરનું નામ સાંભળતાં જ શિરીષ ગુસ્સે થતો. તે કહેતો કે ડૉક્ટર આપણને

ગભરાવી મૂકશે અને પૈસાનું પાણી કરશે. પોતાના કરતાં પૈસા મહત્વના છે તે જાણતાં તે સંઘર્ષ અનુભવે છે. આ સંઘર્ષ ચેતનાપ્રવાહ દ્વારા વધુ અસરકારક બનતો જણાય છે. જુઓ;

"જે દિવસે રત્ના લાલ ચૂંદડી ઓઢીને આ ઘરમાંથી ચાલી જશે ત્યારે શિરીષ ભલે અના પૈસા જાળવીને બેસી રહેતો." (પૃ. ૧૧૩)

રત્ના શારીરિક પીડા અને શિરીષના વ્યવહારથી કંટાળી જાય છે. રત્નાના માનસિક મથામણની વેદનાને વાર્તાકાર આંતરિક મનોગત એકોક્તિ દ્વારા દર્શાવે છે. જુઓ;

"હું ઇચ્છુ છું કે આ બધાનો અંત આવે." (પૃ. ૧૧૫)

આ રીતે રત્ના શારીરિક પીડાની સાથે શિરીષના વર્તનથી સંઘર્ષમય પરિસ્થિતિમાં મૂકાય છે. રત્નાનો આ સંઘર્ષ ચેતનાપ્રવાહ અને આંતરિક એકોક્તિ દ્વારા અસરકારક બને છે.

'પ્રયાગ' ('અધૂરો કૉલ, ૧૯૫૫)

મંગળાના સંઘર્ષને પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા અસરકારક બન્યો છે. વાર્તાની શરૂઆત મંગળા ધનવંતરાયથી છુપાઈને વિનોદને મળવા નીકળે છે. વિનોદ બીજી જ્ઞાતિની રંભા સાથે પરણે છે. તેના પિતા વિનોદને ઘરમાંથી કાઢી મૂકે છે. પુત્રવિયોગના કારણે મંગળાનો પતિ સાથેનો સંઘર્ષ પીઠઝબકાર પદ્ધતિથી વ્યક્ત થયો છે.

"પહેલા ખોળાનો વિનોદ જ્યારે એક ઘાંચીની છોકરી સાથે પરણવા માટે ઘર છોડીને ચાલી નીકળ્યો અને પતિની હઠ આગળ પોતાનું કંઈ ચાલ્યું નહીં." (પૃ. ૧૫૯)

મંગળાના સંવેદનને વાર્તાકારે આંતરિક એકોક્તિ દ્વારા વ્યક્ત કર્યું છે.

"અછો અછો વાનાં કરીને મોટો કરેલો દીકરો શું એ બધાંને લીધે આવી જગ્યાએ પડ્યો રહીને સડ્યા કરે? આ રીતે જ્ઞાતિભેદના કારણે મંગળા દીકરાને ખોઈ બેસે છે.

ઉપર્યુક્ત વાર્તાઓમાં ક્રોધ દર્શાવતી 'હું ચાહું છું' અને 'પ્રયાગ' વાર્તામાં વાર્તાકારે ચેતનાપ્રવાહ અને પીઠઝબકાર પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. 'હું ચાહું છું' વાર્તામાં નાયિકાના કૅન્સરના રોગને પતિ અવગણે છે. જેથી નાયિકા ક્રોધે ભરાય છે. નાયિકાના આ સંવેદનને તીવ્ર બનાવવામાં ચેતનાપ્રવાહ વધુ અસરકારક બને છે. એ ઉપરાંત મનોગત એકોક્તિનો પણ ઉપયોગ કરેલો જોવા મળે છે. 'પ્રયાગ' વાર્તામાં નાયિકા વાર્તાની શરૂઆતથી જ દુ:ખી જણાય છે. જેનું કારણ પીઠઝબકારની પ્રયુક્તિ દ્વારા વાર્તાકાર જણાવે છે.

## સમાપન

ઉપરોક્ત અભ્યાસના આધારે નિષ્કર્ષ પર આવી શકાય છે કે નિરાશાની અઢાર વાર્તાઓમાંથી સ્ત્રીઓના સંઘર્ષને દર્શાવવા વાર્તાકાર મનોગત એકોક્તિ, આત્મકથનાત્મકશૈલી, કથનાત્મક શૈલી, ચેતનાપ્રવાહ, સંવાદ અને સહોપસ્થિતિ પ્રયુક્તિનો ઉપયોગ વધુ કરે છે. જેમાં સૌથી વધુ વપરાતી પ્રયુક્તિ મનોગત એકોક્તિ છે. જેમાં 'દીકરીનું ધન', 'નો કૉમેન્ટસ', દૃષ્ટોદૃષ્ટ' અને 'લક્ષ્મણરેખા' વાર્તાની નાયિકાઓની નિરાશાની સંવેદના મનોગત એકોક્તિ દ્વારા વધુ અસરકારક બને છે. પતિના કારણે નિરાશા અનુભવતી નાયિકાના સંઘર્ષને ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત કર્યો છે.

પીડાની સંવેદનાની સત્તર વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષ, સંવેદન અને નિરાકરણને દર્શાવવા પાંચ વાર્તાઓમાં પીઠઝબકારનો સૌથી વધુ ઉપયોગ થયો છે. એ ઉપરાંત પીડાને દર્શાવવા કથનાત્મક, ફ્લૅશ ફોરવર્ડ, ચેતનાપ્રવાહ, સંવાદ, સહોપસ્થિતિ પ્રયુક્તિનો ઉપયોગ થયો છે.

અફસોસની સાત વાર્તાઓમાં વાર્તાકાર સ્ત્રીની માનસિક મથામણ, અજંપો, વેદનાને દર્શાવવા ચેતનાપ્રવાહ, પીઠઝબકાર, આત્મકથનાત્મક, વક્તા પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. પ્રભા નામની નાયિકા પોતાની જિંદગી બરબાદ કર્યાનો અફસોસ કરે છે, જેને વાર્તાકાર કથનકેન્દ્ર દ્વારા દર્શાવે છે. નાયિકા પોતાના સુખને ત્યાગ કરતાં અફસોસ કરે છે. આ સંઘર્ષ ચેતનાપ્રવાહ દ્વારા વધુ તીવ્ર બનતો દેખાય છે.

ભયની પાંચ વાર્તાઓમાં ફ્લૅશ ફોરવર્ડ, ચેતનાપ્રવાહ, પીઠઝબકાર, મનોગત એકોક્તિનો પ્રયોગ કર્યો છે. આ પ્રયુક્તિ સ્ત્રીના સંઘર્ષને તીવ્ર બનાવવામાં સફળ સાબિત થાય છે. જેમાં સ્ત્રી પોતાના અંગત વ્યક્તિને ગુમાવવાના કારણે કાલ્પનિક ભયનો અનુભવ કરે છે. ઈર્ષ્યાની ચાર વાર્તાઓમાં પીઠઝબકાર, ચેતનાપ્રવાહ, મનોગત એકોક્તિ દ્વારા દેરાણી-જેઠાણી, મા-દીકરી, સાસુ-વહુ તેમજ બે બહેનો વચ્ચે થતી ઈર્ષ્યાની સંવેદનાને વ્યક્ત કરે છે. માને દીકરી પ્રત્યે થતી ઈર્ષ્યાને ચેતનાપ્રવાહ દ્વારા વ્યક્ત કરી છે. 'લગ્નની ભેટ' વાર્તામાં નાયિકાને પતિની સ્ત્રીમિત્રએ આપેલી ભેટના કારણે ઈર્ષ્યા ભાવ જાગે છે. જેને મનોગત એકોક્તિ દ્વારા વાર્તાકાર અસરકારક બનાવે છે.

ઘૃણાની ત્રણ વાર્તાઓમાં ચેતનાપ્રવાહ, પીઠઝબકાર અને દિવાસ્વપ્ન પ્રયુક્તિ દ્વારા સ્ત્રીનો સંઘર્ષ અસરકારક બને છે. સુષમા બંને ભાઈઓના વર્તનથી કંટાળી ગઈ છે. એ બંને પ્રત્યે તેને ઘૃણાભાવ જાગે છે. જેને ચેતનાપ્રવાહ પ્રયુક્તિ વધુ તીવ્ર બનાવે છે. એમાંથી તે પોતાનો સ્વતંત્ર નિર્ણય લેતી બતાવી છે. 'એક મુસાફરી' વાર્તામાં સ્વાતિ અજાણ્યા માણસના વર્તનથી ઘૃણા અનુભવે છે. તેનાથી છૂટવા સ્વાતિ સ્વપ્નમાં સરી પડે છે. ક્રોધની બે વાર્તાઓમાં ચેતનાપ્રવાહ અને પીઠઝબકાર પ્રયુક્તિ દ્વારા સ્ત્રીના ક્રોધને દર્શાવ્યો છે.

આ રીતે સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને દર્શાવવા વાર્તાકાર સૌથી વધુ ચેતનાપ્રવાહ, પીઠઝબકાર, મનોગત એકોક્તિ અને કથનકેન્દ્રનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરે છે.